Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૯૫
તા.૨૦-૦૮-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ વદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૯ સૂર્યાસ્ત : ૦૭:૦૮

તાપમાન
ડીસા 33.૮
અમદાવાદ ૩૫.૦
ગાંધીનગર ૩૬.૨
વડોદરા ૩૪.૪
સુરત ૩૩.૫
નલિયા ૩૧.૦

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

### પુરીથી હરિદ્વાર તરફ તરફ જતી ટ્રેન દુર્ઘટનાગ્રસ્ત થતા ખળભળાટ

# કલિંગ એક્સપ્રેસ ખડી પડતા ૨૦થી વધુના મોત

### બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ : મોતનો આંકડો વધે તેવી શક્યતા : મૃતકોના પરિવારોને ૩.૫ લાખ આપવાની જાહેરાત





નવી દિલ્હી

પુરીથી હરિદ્વાર તરફ જઈ રહેલી કલિંગ ઉત્કલ એક્પ્રેસ આજે સાંજે મુઝફ્ફરનગરના ખતૌલી નજીક પાટા પરથી ખડી પડતા રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઇ હતી. આ બનાવમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થઇ ગયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણો હાથ ધરવામાં આવી હતી. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ભીષણ ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારને ૩.૫ લાખ આપવાની જાહેરાત કરી હતી. જ્યારે ઘાયલ થયેલા લોકોને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામા આવી હતી. તાજેતરના સમયની સૌથી ભીષણ ટ્રેન દુર્ઘટના તરીકે આને ગણવામાં આવે છે. મોતનો આંકડો વધ શકે છે. અહેવાલ મુજબ અનેક ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. ટ્રેન પુરીથી હરિદ્વાર જતી હતી. દુર્ઘટના પછી સરાહનપુર અને મુઝફ્ફરનગરના અધિકારીઓ પણ અકસ્માત સ્થળે દોડી ગયા છે. ઈજા પામેલાઓ પૈકી અનેકની સ્થિતિ ગંભીર હોવાનું પણ જાણવા મળ્યું છે. દુર્ઘટનામાં જાનહાનિનો આંક વધવાની પણ આશંકા વ્યક્ત કરાઈ છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ટ્રેન દુર્ઘટાનામાં તપાસનો આદેશ જારી કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે જો કોઈ ખામી ધ્યાન પર આવશે તો સખ્ત પગલાં લેવામાં આવશે. રેલવેએ આ સાથે હેલ્પ લાઈન નંબર ૯૭૬૦૫૩૪૦૫૪-૫૧૦૧ જારી કર્યો છે. એનડીઆરએફની ટીમે ૪૪ બચાવ કાર્યકરો અને ૨ સ્નિફર ડોગ સાથે ઘટના સ્થળે જવા રવાના થઈ ગઈ છે. ટ્રેનના અનેક ડબ્બા એકબીજા પર ચઢી જતા વધારે ખુવારી સર્જાઈ છે. રેલવેએ આ સાથે અન્ય હેલ્પ લાઈન નંબર પણ જાહેર કર્યા છે, જેના થકી દુર્ઘટના અંગેની માહિતી મેળવી શકાય છે.

### મોતનો આંકડો રોકેટગતિથી વધીને ૨૫૪ થયો

## સ્વાઇન ફ્લૂનો ખતરનાક કહેર જારી : વધુ ૧૨ દર્દીઓના મોત

અમદાવાદ

રાજયમાં સ્વાઈન ફ્લુની પરિસ્થિતિ ભયાનક અને ચિંતાજનક બની ગઈ છે, રોજેરોજ મૃત્યુઆંક અને સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસો ખતરનાક રીતે વધી રહ્યા છે તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફ્લુની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફ્લુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સ્વાઈન ફ્લુના કારણે વધુ ૧૨ દર્દીઓના મોત નીપજયા છે. જેમાં અમદાવાદમાં ચાર લોકોના મોતનો સમાવેશ થાય છે. આની સાથે જ મોતનો આંકડો વધીને ૨૫૪ સુધી પહોંચી ગયો છે. જયારે ત્રણસોથી વધુ નવા સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસો નોંધાયા છે. આજે રાજયમાં સૌથી વધુ મૃત્યુ રાજકોટમાં સ્વાઈન ફ્લુના કારણે ત્રણ મહિલાઓના મોત નોંધાયા હતા. આ સાથે જ રાજયભરમાં સ્વાઈન ફ્લુના કારણે કુલ મૃત્યુઆંક ૨૫૪ સુધી પહોંચ્યો છે. સ્વાઈન ફ્લુની નિયત માર્ગદર્શિકા અને જરૂરી માહિતી નહી પૂરી પાડવા બદલ અમદાવાદની શીફા અને સરદાર પટેલ એમ બે હોસ્પિટલ અને સુરતની પાંચ હોસ્પિટલ મળી કુલ સાત હોસ્પિટલોને આજે રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. ખુદ સરકારી તંત્રના દાવા મુજબ, રાજયભરમાં સ્વાઈન ફ્લુને લઇ હાથ ધરાયેલા સર્વેક્ષણમાં અત્યારસુધીમાં શંકાસ્પદ જણાતાં ૩૨,૫૦૦ વ્યકિતઓને પ્રોફાઇલેકટીક સારવાર હેઠળ આવરી લેવાયા છે. રાજયમાં હાલ સ્વાઈન ફ્લુના ૧૫૧૩થી વધુ દર્દીઓ વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જે પૈકી ૧૯ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

## વિચાર વૈભવ...

આજે માણસ, ખોટી આવક, બે-નંબરી નાણાં, કાળામાંથી ધોળા બનાવવા અનેક ધંધા કરે છે. એમની નજર એંસી- સીના પ્રમાણપત્ર પર જ હોય, દાન- પુણ્ય- યજ્ઞો- મંદિરોની પ્રતિષ્ઠામાં માતાજી અને ભગવાનોની પ્રતિષ્ઠા કરતાં પોતાની જ પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરવાનો આશય હોય છે.. તિરૂપતિ જેવાં અનેક સ્થળે 'ગુપ્તદાન' નથી થતાં? અંધારી રીતે ધાબળા ઓઢાડવા 'નીકળેલા' ના 'ફોટા' ધોળા દિવસે મોટા છાપાંમાં છપાવવાની શી જરૂર?

એક વીજળી કંપનીના ઈજનેર, જાણીતા લેખકશ્રી ગુણવંત શાહ પાસે આવ્યો. વાત- વાતમાં પૂજાપાઠના ક્રમની વાત નીકળી. ઈજનેર કહે- હું વર્ષોથી દરરોજ ગીતાનો પાઠ કરૂં છું પણ હજુ પૂરાં રહસ્યો પામી નથી શક્યો, મારે કોની ગીતા પરની ટીકા વાંચવી જેથી મને ગીતા અને કર્મયોગનું સાચું રહસ્ય સમજાય!

લેખકશ્રીએ કહ્યું- 'ગીતાનો પાઠ કરવાનું બંધ કરી દો! અને જે સમય બચે તેનો પંદર મિનિટ બધાથી સમયથી વહેલા ઓફિસ જવાનું રાખો અને સાંજે પણ સમય પછી પંદર મિનિટ વધારે કામ કરો, કચેરી સમય દરમિયાન ક્ષણે ક્ષણે ગીતા- પાઠની ભાવના સાથે પવિત્ર મનથી અને નિષ્ઠાથી કામ કરો, કાઉન્ટર સામે આવેલો દરેક ગ્રાહક તમારે મન 'કૃષ્ણ' જ છે એવા ભાવ- પ્રેમ- વિનયથી જવાબ આપી માર્ગદર્શન આપો! પછી એક મહિનો રહી મને મળવા આવજો. ગીતાનું અને કર્મયોગનું રહસ્ય તમને આપોઆપ સમજાઈ ગયું હશે!'

- સુરેશ પ્રા.ભટ્ટ

## પ્રદેશ કોંગ્રેસનું વિસ્તરણ: ચાર કાર્યકારી પ્રમુખો

### શકિતસિંહ ગોહિલ અથવા સિદ્ધાર્થ પટેલ બની શકે છે કેમ્પેઈન



રાજકોટ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું તૂર્તમાં વિસ્તરણ થશે. ચાર ઝોનમાં પ્રભારી કમ કાર્યકારી પ્રમુખો નિમાશે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં કુંવરજીભાઈ બાવળીયા તથા પરેશભાઈ ધાનાણીને જવાબદારી સોંપવામાં આવશે. આ ઉપરાંત તુષાર ચૌધરી, જગદીશ ઠાકોર પણ કાર્યકારી પ્રમુખ બનશે. ઈલેકશન કેમ્પેઈન કમિટિના પ્રમુખ તરીકે શકિતસિંહ ગોહિલ અથવા સિદ્ધાર્થ પટેલ નિમાશે. આ ઉપરાંત કુંવરજીભાઈ બાવળીયા સૌરાષ્ટ્ર ઝોનના કાર્યકારી પ્રમુખ બની રહ્યા હોય શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે ઈન્દ્રનિલ રાજ્યગુરૂની વરણી થઈ રહી છે. જયારે જામનગર જિલ્લા પ્રમુખ તરીકે જે.ટી. પટેલની પણ વરણી થશે. આગામી વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને હવે અનિર્ણાયક કોંગ્રેસ હવે ફટાફટ નિર્ણય લઈ રહ્યાનું જાણવા મળે છે. સૌરાષ્ટ્ર ઝોનની વાત કરીએ તો હાલમાં તેમા બે નામ કુંવરજીભાઈ બાવળીયા તથા પરેશભાઈ ધાનાણી છે. સંભવત પરેશ ધાનાણીને પ્રદેક્ષાની કોઈ મોટી જવાબદારી પણ સોંપવામાં આવે તેવા પણ નિર્દેશો મળે છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં અન્ય પણ કેટલાક ફેરફારો થશે અને નવા વિસ્તરણમાં પણ ઓછામાં ઓછા ૮૦ હોદેદારોનું સંખ્યાબળ રહેશે આ સંખ્યા વધી શકે છે. શકિતસિંહજી ગોહિલે ગત રાજયસભાની ચૂંટણીમાં સુંદર કામગીરી કરતા હાઈકમાન્ડ તેમના માટે ઈલેકશન કેમ્પેઈન કમિટિ માટે વિચારી રહી છે પરંતુ શકિતસિંહજી ગોહિલ કોઈ હોદાના બદલે એક અદના આગેવાન તરીકે સંભવિત તમામ કામગીરી કરવામાં માની રહ્યાનું કહેવાય છે.

## ડીસા સહિત બનાસકાંઠાના ખેડૂતો જીએસટી મુદ્દે લાલઘુમ

### ટપક અને ફુવારા પયત પધ્ધતીમાં ૧૮ ટકા જીએસટીથી કામકાજ ઠપ્પ





ડીસા

સમગ્ર દેશમાં ટપક અને ફુવારાની સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવી બનાસકાંઠા જિલ્લાને પ્રમુખ હરોળમાં મુકનાર ખેડૂતોની દશા આ પધ્ધતિમાં જીએસટી અમલ બાદ માઠી થઈ છે. સરકારની આર્થિક સહાયથી ગુ-જરાત દેશમાં પ્રથમ બન્યું હુતં. ત્યારે હવે જીએસટી લાગુ થવાથી સુક્ષ્મ પિયત પધ્ધતિ લગાવવી ખુબજ મોંઘી થઈ જતાં ખેડૂતોએ જી.એસ.ટી. હટાવવા ડીસામાં આવેદનપત્ર આપ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિએ ભારે વિનાશ વેર્યો છે તેમાંય પૂરમાં જમીનો સાથે ખેડૂતોએ લગાવેલી ટપક અને ફુવારા સિંચાઈ પધ્ધતિની પાઈપો ફુવારા પણ નષ્ટ થયા છે તણાઈ ગયા છે. બનાસકાંઠામાં ખેડૂતોએ ટપક ફુવારા પધ્ધતિમાં ૩ લાખ ૧૦ હજાર હેક્ટર જમીનમાં અપનાવી સમગ્ર જિલ્લાને દેશમાં પ્રથમ સ્થાન અપાવ્યું હતું.

પરંતુ ૧ જુલાઈથી દેશમાં જી.એસ.ટી. લાગુ થતાં આ પધ્ધતિ માટે પણ ૧૮ ટકા જી.એસ.ટી.નો અમલ શરૂ થઈ જતાં જે પધ્ધતિમાં પહેલા ખેડૂતોએ એક પણ રૂપિયો ભરવાના નહોતો તેમાં ૧૮ ટકા ચૂકવવા પડી રહ્યા છે. એક તરફ સરકાર સબસીડી આપે છે અને બીજી તરફ જી.એસ.ટી. મારફત તે પરત લઈ લે છે જેથી ખેડૂતોએ આ યોજનામાં જી.એસ.ટી.નો સખત વિરૂધ કર્યો છે.

ડીસામાં શનિવારે ખેડૂતોએ નાયબ કલેક્ટર કચેરી અને મામલતદારને આવેદનપત્ર આપી ટપક ફુવારા સુક્ષ્મ પિયત પધ્ધતિમાં જી.એસ.ટી.નો અમલ મોકુફ રાખવાની માંગ કરી છે.

### ડીસામાં ખેડૂતોએ જીએસટી હટાવવા આવેદનપત્ર આપી રોષ ઠાલવ્યો

### એમએસએમઇ પ્રોત્સાહન પુરસ્કાર કાર્યક્રમ

## સુક્ષ્મ-લઘુ ઉદ્યોગોને સંપૂર્ણ પ્રોત્સાહન અપાયુ : રૂપાણી

### ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં નાના ઉદ્યોગોની ખુબ ઉપયોગી ભૂમિકા : મુખ્યપ્રધાન

અમદાવા

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટ પણે જણાવ્યું કે, ગુજરાતના સૂક્ષ્મ લઘુ મધ્યમ ઊદ્યોગો કવોલિટી ગુણવત્તાના બળે વૈશ્વિક બજારો સર કરે તેવા સક્ષમ બનાવ્યા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગ્લોબલાઈઝેશન અને વૈશ્વિક સ્પર્ધાના આજના યુગમાં એમએસએમઈ સેક્ટરનો વિકાસ રૂંધાય નહિ તેની પુરતી કાળજી સાથે સરકાર આ ઊદ્યોગોને સંપૂર્ણ પ્રોત્સાહન આપી રહી છે. મુખ્યમંત્રીએ રાજયમાં સૌપ્રથમ પહેલરૂપ એમએસએમઈ ક્ષેત્ર માટે ૭૫૦ કરોડના પ્રોત્સાહન અને પુરસ્કારોનું ૫૦થી વધુ ઊદ્યોગ સાહસિકોને વિતરણ કર્યું હતું. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આ અવસરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વિજય રૂપાણીએ કહ્યું કે, ગુ-જરાત જયારે મુંબઈ રાજયમાંથી ૧૯૬૦માં અલાયદા રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારે સૌના મનમાં પ્રશ્ન હતો કે કોઈ મોટા ઊદ્યોગો વિના ગુજરાત કઈ રીતે ટકી શકશે. ગુજરાતીઓના લોહીમાં જ વેપાર વણજ ઊદ્યોગ વણાયેલા હોવાથી એ જ ગુજરાત આજે ૬ લાખથી વધુ એમએસએમઈ સામે લઘુ ઊદ્યોગ ક્ષેત્રે દેશમાં અગ્રેસર બન્યું છે એમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, કોઈ પણ મોટા ઊદ્યોગ ગૃહોની શરૂઆત તો નાના પાયે એકમ શરૂ કરવાથી જ થઈ હોય છે. તેમણે અંબાણી અદાણી તાતા જેવા પ્રતિષ્ઠિત ઉદ્યોગ ગૃહો આના ઉદાહરણ છે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ગુજરાત આજે મેન્યુફેક્ચરીંગ હબ અને ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટનું કેન્દ્ર બન્યું છે તેના મૂળમાં પણ આ એમએસએમઈ ક્ષેત્રની સફળતા પડેલી છે.

કોઈપણ મોટા ઊદ્યોગને એન્સીલયરી પ્રોડક્ટ માટે આવા એમએસએમઈ પીઠબળ સમાન હોય છે. એટલું જ નહિ, સ્વદેશીતા સાથે વિશાળ રોજગાર અવસરો પણ આવા એમએસએમઈ પુરા પાડે છે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. વિજય રૂપાણીએ જણાવ્યું કે, રાજયના એમએસએમઈ સેક્ટરને ક્વોલિટી પ્રોડક્ટ સાથે જ વૈશ્વિક બ્રાન્ડ ઈમેજ મેઈક ઈન ઈન્ડિયા મેઈક ઈન ગુજરાત દ્વારા પ્રસ્થાપિત કરવા રાજય સરકાર સંપૂર્ણ પ્રોત્સાહન આપે છે.

## સાર સમાચાર...

### એનડીએમાં સામેલ થવાનો જેડીયુએ નિર્ણય કર્યો

પટણા

એક મહત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમમાં જેડીયુએ આજે એનડીએમાં સામેલ થવાનો નિર્ણય કર્યો હતો. આની સાથે બિહારમાં ભાજપની સાથે મળીને નીતિશ કુમારે સરકાર રચ્યા બાદ ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવ્યો હતો. જેડીયુના જનરલ સેક્રેટરી કેસી ત્યાગીએ પાર્ટીની બેઠક બાદ વિધિવતરીતે ભાજપના નેતૃત્વમાં એનડીએમાં સામેલ થવાના નિર્ણયની જાહેરાત કરી હતી. ત્યાગીએ કહ્યુ હતુ કે પટણામાં મુખ્યપ્રધાન નીતિશ કુમારના આવાસ પર યોજાયેલી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં એનડીએમાં સામેલ થવાનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેને સર્વસંમતિ સાથે મંજુર કરવામાં આવ્યો હતો. ત્યાગીએ કહ્યુ હતુ કે આજથી અમે એનડીએના એક ભાગ તરીકે છીએ. ત્યાગીએ કહ્યુ હતુ કે બિહારમાં તમામ ૭૧ પાર્ટી ધારાસભ્યો, ૩૦ એમએલસી અને બે લોકસભા સાંસદ તેમજ મોટા ભાગના રાજયસભા સભ્ય નીતિશ કુમારના નેતૃત્વમાં જેડીયુની સાથે છે.

સૂર્યોદય - ૬.૦૯ સૂર્યાસ્ત - ૭.૦૮

## તિથિદર્શન

શ્રાવણ વદ-૧૪ રવિવાર ૨૦૭૩

| | | |
|---|---|---|
| ૬ ગુ. | ૫ લ.સુ.બુ. | ૪ મં.રા. |
| ૭ | | ૩ શુ. ચં. |
| ૮ શ. | | ૨ |
| ૯ | ૧૧ કે. | ૧ |
| ૧૦ | | ૧૨ |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ વદ :ચૌદસ રવિવાર નક્ષત્ર :પુષ્ય સાંજે ૫.૨૨ પછી આશ્લેષા યોગ: વ્યતીપાત કરણ:વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**દુર્જનઃ ખલુ સાધુતા મુપેતિ**
**બહુ પ્રકારેઃ પરિષેવ્યમાણઃ**
**આમૂલ સિક્તઃ પયસા ધુતેન**
**ન નિમ્બવૃક્ષ મધુરત્વમેતિ**

'ખરેખર, દુર્જનની સાથે લાંબો વખત રહેવાથી કે તેની મૈત્રી કરવાથી, કે તેની સેવા કરવાથી દુર્જન સજ્જન થઈ જતો નથી. અર્થાત્ અનેક પ્રયત્ન કરવા છતાં જેમ કે, લીમડાના વૃક્ષના મૂળમાં દૂધને ઘીનું સેવન કરવામાં આવે તોપણ પોતાની કડવાશ છોડતો નથી. કડવો લીમડો મીઠો બનતો નથી.' માણસનો સ્વભાવ - પ્રકૃતિ, પ્રયત્નો અને તાલીમ દ્વારા બદલી શકાતો નથી, એમાય જડ પ્રકૃતિવાળાને ગમે એટલું સમજાવો, પ્રેમ-લાગણી- સ્નેહ આપો, ખુલાસા કરો- માફી માગો, એમના મનમાંથી વહેમ- શંકાનાં વાદળ કદાપિ વિખરાતાં નથી. પ્રકૃતિ પ્રાણ સાથે જ જાય છે. જેનામાં ઉત્તમ સંસ્કાર હોય, ઉદાર હૃદય હોય ક્ષમાશીલ હોય, વિશાળ હૃદય ધરાવતા હોય તેવા લોકો સ્વભાવમાં થોડીઘણી પણ બાંધછોડ કરી શકે છે. અહીં દુર્જન. ભલે સત્સંગ- કથા- વાર્તામાં જાય, સારા માણસોની સોબતમાં હોય છતાં એમના મનમાં ઘર કરીને રહેલી વિચાર-ગાંઠો છૂટતી નથી. સત્સંગની જરા પણ અસર થતી નથી. અહીં કડવા લીમડાનું દૃષ્ટાંત આપતાં કહ્યું છે. લીમડાનો છોડ નાનો હોય ત્યારથી એને દૂધ - ઘી - સાકરથી ઉછેર્યો હોય છતાં પણ તેની પ્રકૃતિની 'કડવાહટ' છૂટતી નથી એ એનો સ્વભાવ- પ્રકૃતિ છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પ્રવાસથી નિષ્ફળતા, કૌટુંબિક જીવનનો સુખદ અનુભવ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) પરિવારજનોમાં યશ-વૃદ્ધિ રહે. માંગલિક પ્રસંગનું આયોજન થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) બેદરકારીને કારણે આરોગ્ય અંગે ચિંતા સતાવે. આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે.**
**કર્ક : (ડ.હ.) કોર્ટ-કચેરીમાં વિક્ષેપ, વ્યર્થ ખર્ચ રહે. આર્થિક લેવડ-દેવડમાં વિક્ષેપ પડે.**
**સિંહ : (મ.ટ.) જીવનસાથી સાથે વિવાદ થાય. આકસ્મીક ધનલાભના યોગ છે.**
**કન્યા : (પ.ઠ.ણ.) કુટુંબથી દૂર રહેવું પડે. આકસ્મીક લાભ મેળવી શકો.**
**તુલા : (ર.ત.) કુટુંબમાં મતભેદો ઊભા થાય. નવિન જવાબદારી આવી પડે.**
**વૃશ્ચિક :(ન.ય. ) મૂંઝવણમાંથી માર્ગ મળે. જીવનસાથી દ્વારા માન મેળવી શકશો.**
**ધન : (ભ.ફ.ધ.) માનસિક શાંતિ મળે. નવિન ઓળખાણ થાય. પ્રિયજનથી વિરહ રહે.**
**મકર : (ખ.જ.) ખોટી ઉપાધિ આવી પડે. ભાઇઓની મદદ મેળવી શકો. વ્યર્થ ચિંતા રહે.**
**કુંભ : (ગ.શ.સ.) પરિશ્રમનો ભરપૂર લાભ મળે. માર્ગના અવરોધો દૂર થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) બૌદ્ધિક કાર્યમાં વ્યસ્ત રહેવાય. નાણાંકીય સમસ્યાનો હલ થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

મહાન સંગીતાચાર્ય શ્રી વિષ્ણુ દિગંબર પલુસ્કરની જન્મ તિથિ છે. એમનો જન્મ મહારાષ્ટ્રના એક નાનકડા રજવાડામાં ૧૮-૮-૧૮૭૨ ના રોજ થયો હતો. તેમણે બાલકૃષ્ણ ખુવા જેવા નામી ગીતસ્વામી પાસે સગીતની આરાધના કરી અને સાધના માટે શ્રધ્ધા અને શ્રમની જરૂર છે એ સત્યને વરી નિત્ય અઢાર કલાકનો સખત પરિશ્રમ આદર્યો. સંગીતશાસ્ત્રના ઊંડા અભ્યાસી આ સંગીતસ્વામીનું ૨૧-૮-૧૯૩૧ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# પેપરાલમાં શાળાના બાળકોને પાકુ તિથિભોજન


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના પેપરાલ ગામના વતની અને બનાસકાંઠા જિલ્લા પંચાયતની શિક્ષિણ સમિતિના ચેરમેન બાબરાભાઈ નરસુંગભાઈ ચૌધરીએ દર વર્ષની જેમ આ વર્ષે પણ પેપરાલ અને અસાસણ ગામની તમામ પ્રાથમિક શાળાના બાળકોને પોતાના ઘરે તેડાવી પાકુ તિથિભોજન આપ્યું હતું આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો અને શાળા પરિવારે તેમના બાળ પ્રેમને બિરદાવ્યો હતો. દિનેશ તેજાભાઈ ચૌધરી, ભાવેશ બાબરાભાઈ ચૌધરી સહિત તમામ પરિવારે ખડેપગે રહી શાળાના બાળકોને ચુરમું, પુરી-શાક અને દાળ-ભાતનું પૌષ્ટીક ભોજન પીરસ્યું હતું.

# માંડલા ગામે જન્માષ્ટમી નિમિત્તે ડેરી દ્વારા જમણવાર


કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ગામમાં પરંપરા મુજબ ઢોલના તાલે ગામની બહેન દિકરીઓ ગરબાને રાસની રમઝટ બોલાવી કૃષ્ણની આરાધના કરેલ છે. કાંકરેજ તાલુકાના માંડલા ગામે જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે ગામની દુધ મંડળી દ્વારા સમગ્ર ગ્રામજનોનો ભોજન પ્રસાદી કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સમગ્ર ગામજનોએ પ્રસાદી લીધી હતી. આ પ્રસંગે દુધ મંડળીના ચેરમેન દેવરાજભાઈ રત્નાભાઈ ચૌધરી, વા.ચેરમેન દેસાઈ લક્ષ્મણભાઈ જીવાભાઈ, મંત્રી ચૌધરી વિજયભાઈ રણછોડભાઈ, પટેલ કુબેરભાઈ ખેતાભાઈ, પટેલ ભલાભાઈ અણદાભાઈ, પટેલ લક્ષ્મણભાઈ રેવાભાઈ, પટેલ રામજીભાઈ દેવણભાઈ, ગૌસ્વામી રાજપૂરી નરભેપૂરી, પંડ્યા કાશીરામભાઈ હરગોવનભાઈ, ઠાકોર જામાભાઈ ભીખાભાઈ, પરમાર ઈશ્વરભાઈ દેવશીભાઈ, પટેલ નાનીબેન ભારમલભાઈ, જશીબેન અમરતભાઈ પટેલ, રક્ષાબેન ભેમાભાઈ જણમોલ, ભગવાનભાઈ કાળાભાઈ (પૂર્વ સરપંચ), પંડ્યા વાઘજીભાઈ હરખજીભાઈ, ઠાકોર શંકરજી વણાજી, ચૌધરી વીરાભાઈ ગણેશભાઈ, ઠાકોર રત્નાભાઈ મસાભાઈ, હરીજન દઝાભાઈ ગાગાભાઈ, દેસાઈ વશરામભાઈ, હરીજન લાલજીભાઈ નાથાભાઈ, ઠાકોર વિરમજી બાવાજી, પટેલ પેથાભાઈ હીરાભાઈ, ભરતભાઈ, ગોવિંદભાઈ, રામજીભાઈ, પરમાભાઈ, જયેશભાઈ, વીરાભાઈ તેમજ સમગ્ર ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસામાં વાલ્મીકી સમાજની વાડીનું ખાતમુહૂર્ત

ડીસા

ડીસાના વોર્ડ નં.૮ માં આવેલ નવાવાસ પાછળ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ વાલ્મીકી સમાજની વાડી બનાવવા ગ્રાન્ટ ફાળવી છે જે વાડીનું ખાતામુહુર્ત કરી કામ શરૂ કરવામાં આવ્યું હતું.જે પ્રસંગે વોર્ડના કોર્પોરેટર સેજલબેન દિનેશકુમાર મહેસૂરીયા, કલ્પેશકુમાર મોદી, કિશોરભાઈ ચૌહાણ, ચંદાચાઈ હેમચંદભાઈ, રાજુભાઈ, હરેશભાઈ, સંજયભાઈ હિતેશભાઈ સહિત સમાજના અગ્રણીઓ અને યુવાનો હાજર રહ્યા હતા.

# થરાદમાં ગોગમહારાજનો હવન યોજાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના તાલુકા પંચાયત પાસેના વિસ્તારમાં શહેરના બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ કિશનલાલ પ્રજાપતિનું હેન્ડીક્રાફ્ટનું કારખાનું આવેલું છે.જેમાં ગોગમહારાજનું સ્થાનક હોઇ તેઓ દરવર્ષે શ્રાવણ મહિનામાં ગોગ મહારજનો હવન કરાવેછે. શનિવારે સવારે હવન યોજાયો હતો. ત્યાર બાદ પરિવાર અને મિત્રવૃંદે સમુહ પ્રસાદ લઇ ધન્યતાની લાગણી અનુભવી હતી.

## ડીસા કોલેજમાં સ્વાઈન ફ્લૂ સામે રક્ષણ આપતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ડીસા

ડીસાની જાણીતી શૈક્ષણિક સંસ્થા ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા પ્રોગ્રામ ઓફિસર પ્રો.આશાબેન ચૌધરીના માર્ગદર્શન અનુસાર અને રામપુરા ગામના આયુર્વેદિક ચિકિત્સક ડૉ. અનિલભાઈ જાદવના સહયોગથી તા. ૧૯/૮/૨૦૧૭ ના રોજ ૧૦-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન આયુર્વેદિક ઉકાળો બનાવી કોલેજના તમામ વિદ્યાર્થી ભાઈ બહેનો અને સ્ટાફ પરિવારને પીવડાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આર્ટસ - કોમર્સ બંને વિભાગના થઈને લગભગ ૩૦૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લઈ ઉકાળાનું પાન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ.ભાનુભાઈ પટેલ તેમજ અન્ય સ્ટાફ પરિવારે અને એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ યોગદાન આપ્યું હતું.

# જેસીઆઈ અંકલેશ્વર દ્વારા લીડરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરાયું



તારીખ ૧૯ મી ઓગસ્ટે જેસીઆઈ અંકલેશ્વર દ્વારા જેસીઆઈ ભવન ખાતે ડો.શીતલ બાદશાહનું લીડરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જેસીઆઈના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડો.શીતલ બાદશાહે લીડરશીપ ઉપર ઉદાહરણો સહિત મનનીય વ્યાખ્યાન અને સમજણ આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં જેસીઆઈ પ્રમુખ જે.સી.મહેશ બોરડ, પ્રોજેક્ટ ચેરમેન જે.સી.ચિંતન વેકરીયા અને કો.ચેરમેન જે.સી. ધનશ્યામ બરવલીયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભાચર ગામે મંદિર ચોરીનો આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની મિલ્કત સંબંધી ગુનાઓનું ડીટેક્શન કરવા બાબતેની સુચનાના આધારે તેમજ નાયબ પોલીસ અધિક્ષક ઉમેશ પટેલના માર્ગદર્શન હેઠળ થરાદ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એ.બી.પટેલને મળેલી બાતમીના આધારે થરાદ બસ સ્ટેશન નજીકથી થરાદ પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં. ૧૧૫/૨૦૧૭ થી ઈપીકો કલમ ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના આરોપી સુરેશભાઈ ગણેશભાઈ ઠાકોર (રહે.ભાચર, તા.થરાદ) મળી આવતાં તેની અંગ જડતી કરતાં ચોરીમાં ગયેલ મુદ્દામાલ ચાંદીનું છત્ર (કિ.રૂા.૬૮૦) તથા રોકડ રકમ રૂા.૪૧૪૦ મળી કુલ રૂા.૪૮૨૦ નો મુદ્દામાલ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગામડાઓમાં "કાનુડો" રમવાની પરંપરા અકબંધ


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ભારતભરમાં થાય છે.શ્રાવણ વદ આઠમની મધ્યરાત્રે કૃષ્ણ ભગવાનનો જન્મ થાય છે તે પરંપરા ગામડાઓમાં પણ ગામડાની બેનો દ્વારા તળાવની ચીકણી માટીમાંથી કૃષ્ણ રાધાની મૂર્તિ બનાવી "કાનુડો" બનાવે છે તે આઠમની સાંજેથી દેશી ઢોલના તાલે મહિલાઓ અને યુવતીઓ ઢોલના તાલે નાચે છે.જ્યારે નવમાં દિવસે "કાનુડા"ને તળાવમાં પધરાવે છે.આમ ગુજરાતના ગામડાઓમાં પણ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી અલગ પ્રકારે થાય છે.

# માલગઢના શ્રી ભૈરવ ધામના મંદિરે જન્માષ્ટમીની ઉજવણી


દિપક સુંદેશા

પ્રતિનિધિ માલગઢ

ડીસા તાલુકાના માલગઢ ગામની જોધપુરીયા ઢાંણીમાં આવેલા શ્રી કાળા-ગોરા ભૈરવ ધામ મંદિર ખાતે શ્રી ભૈરવ યંગ બોયઝ ગ્રૃપ અને સમસ્ત ગ્રામજનો દ્વારા મંગળવારે રાત્રે ૨૧ મો શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો.જેમાં મંગળવારે રાત્રે ગાયક નવિનભાઈ ભાટી, મેહુલ મહારાજ, અશોકભાઈ બારોટ, આશાબેન ગૌસ્વામી 'એક શામ રાધે કૃષ્ણ કે નામ' પર ડાયરાની રમઝટમાં મોડી રાત સુધી ભાવીક ભક્તને ડોલાવ્યા હતા.જ્યારે બુધવારે સવારે ભાવિક ભક્તોએ દર્શન અને ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો તેમજ બપોરે વિશાળ શોભાયાત્રા શ્રી ભૈરવ ધામ મંદિરથી નિકળી ગામના મુખ્ય માર્ગો ફરી હતી.અનોખી પરંપરા મુજબ, નોમના દિવસે ગોવિંદા ટોળકીઓએ નવ મટ્કીઓ ફોડી 'જય રણછોડ માખણ ચોર' અને 'નંદ ઘેર આનંદ ભર્યો જય કનૈયા લાલકી' ના નાદથી સમગ્ર વાતાવરણ ગજવી મુક્યુ હતુ.આ પ્રસંગને સફળ બનાવવા માટે શ્રી ભૈરવ યંગ બોયઝ ગ્રૃપ અને સમસ્ત ગ્રામજનોએ ખડેપગે રહી ભારે જહેમત ઉઠાવી હતી.શોભાયાત્રામાં ગ્રામજનો સહિત આસપાસના વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.જ્યારે બુધવારે સાંજે ભક્તોએ વાજતે-ગાજતે શ્રીકૃષ્ણની પ્રતિમાનું બનાસનદીમાં વિસર્જન કરાયું હતું.

# લવાણા ગામે તિથિ ભોજન આપ્યું


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

લાખણી તાલુકાના લવાણા ગામે યોજાયેલ કલા મહાકુંભ કાર્યક્રમની સાથે સાથે તિથિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.લવાણા ગામે આવેલ વિદ્યામંદિર માધ્યમિક શાળામાં શનિવારના રોજ લાખણી તાલુકાનો કલા મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અંદાજે લાખણી તાલુકાની સત્તર જેટલી શાળાના વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો જે કલા મોહોત્સવ માં બહારથી ભાગ લેવા આવનાર વિદ્યાર્થી તેમજ લવાણા ગામે આવેલ આઠ જેટલી પ્રાથમિક અને હાઈસ્કૂલ ના અંદાજે ત્રણ હજાર જેટલા બાળકો અને આમંત્રિત મહેમાનો ને લવાણા ગામના વતની અને બનાસકાંઠા જિલ્લા ભાજપ મંત્રી ટી પી રાજપૂત. દાનાભાઈ પી. રાજપૂત અને દેવજીભાઈ પી. રાજપૂત દ્વારા સુંદર તિથિ ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં તમામ ને મીઠાઈ પુરી શાક તેમજ દાળ ભાત નું સુંદર ભોજન આપવામાં આવ્યું હતું.

## નેસડા પ્રાથમિક શાળામાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

તા.પ્રતિ. ભાભર

ગત તા.૧૮/૮/૨૦૧૭ ના રોજ ભાભર તાલુકાની નેસડા પ્રાથમિક શાળામાં સ્વાઈનફલુને રોકવા માટે આયુર્વેદિક ઉકાળાનું આયોજન કર્યું હતું.

રાજુભાઈ પ્રજાપતિએ બનાવેલ આ આયુર્વેદિક ઉકાળામાં અડૂસી, તુલસી, મરી, આદુ, લીંબુ અને ગોળનું મિશ્રણ કરી ઉકાળી અને શાળાના દરેક બાળકોને ઉકાળો પીવરાવવામાં આવ્યો હતો.

# માલગઢની પ્રાથમિક શાળામાં ૭૧ માં સ્વાતંત્ર્ય દિન અને જન્માષ્ટમીની ઉજવણી


દિપક સુંદેશા

પ્રતિનિધિ માલગઢ

ડીસા તાલુકાના માલગઢ ગામની નિશાળવાળી ઢાંણીમાં આવેલ પ્રાથમિક શાળામાં મંગળવારે ૭૧ માં સ્વાતંત્ર્ય દિન અને જન્માષ્ટમીની ઉજવણી કરાઈ હતી.જેમાં ગામના મુખ્ય માર્ગો પર પ્રભાતફેરી યોજાઈ હતી.ત્યારબાદ પૂર્વ ખજાનચી બનાસકાંઠા જિલ્લા ભાજપ ખેતાજી તેજાજી માળીના વરદ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.જ્યારે બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.જન્માષ્ટમીના દિવસે બાળકોએ કાનુડા બનાવી મટકી ફોડી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ પ્રસંગે માલગઢ ગામના સરપંચ શ્રવણકુમાર પરમાર, તલાટી જયંતીભાઈ ડી.કચ્છવા, આચાર્ય શોભનાબેન મોદી, મુકેશભાઈ કચ્છવા, ભૂપેન્દ્રભાઈ પઢિયાર, અશોકભાઈ ગેલોત, ઉષાબેન વાઘેલા, દીનાબેન ગઢાર, શિક્ષકો, છાત્રો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

*૭૧મા સ્વતંત્રતા દિવસે ઈન્ડિયન આર્મ્ડ ફોર્સીસને સલામી આપતા*

# પીઆરએસઆઈ અમદાવાદ ચેપ્ટર હવે આતંકંકવાદ અને રાષ્ટ્રીય સુરક્ષા પર લક્ષ આપે છે



દેશના ૭૧મા સ્વતંત્રતા દિવસની ઉજવણીની સાથે પીઆરએસઆઈ અમદાવાદ ચેપ્ટર દ્વારા અમદાવાદ મેનેજમેન્ટએસોસીએશન ખાતે આતંકવાદ અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાને લક્ષમાં લઈને એક સેશનનું સાંજે આયોજન કર્યું હતું. આ સમયે પોતાના વક્તવ્યમાં પીઆરએસઆઈના નેશનલ પ્રેસિડન્ટ ડો. અજિત પાઠકે આગામી ફિલ્મ 'સમીર'ના કલાકારોને આવકાર્યા હતા અનેફોરમ સાથે જોડાવા માટે એફટીએ એચએસઆરપી અધિકારીઓનો આભાર માન્યો હતો. તેમણે ઓડિયન્સને 'સેલ્યુટેશન્સ - ઈન્ડિયન આર્મ્ડફોર્સીસ'ની નેશનલ મૂવમેન્ટ અંગે જણાવ્યું હતું જે તમામ પીઆરએસઆઈ ચેપ્ટર્સ તેમાં નેશનલ પીઆર ડે નિમિત્તે સામેલ હોય છે અને રાષ્ટ્રને મદદરૂપ થવા માટે ઓડિયન્સને અપીલ પણ કરી હતી.અમદાવાદ પર આધારિત પ્લોટ સાથે બોલિવૂડ ફિલ્મ 'સમીર'ની રજૂઆત નોમાદ ફિલ્મ્સ દ્વારા આ વર્ષે ૧૫ સપ્ટેમ્બરે થશે. શહેરના ફિલ્મ ડિરેક્ટરદક્ષિણ છારા દ્વારા દિગ્દર્શિત અને બોલિવૂડ સ્ટાર્સ જેમકે ઝીશાન અયુબ, સીમા બિશ્વાસ, સુબ્રત દત્ત અને અંજલિ પાટિલ સાથેની આ ફિલ્મ દેશભરના ૩૦૦ થિયેટર્સમાં રિલીઝ થશે. આ જૂજ એવી બોલિવૂડ ફિલ્મોમાંની એક છે જેનું સંપૂર્ણ શૂટિંગ મુંબઈ અને ગુજરાતની પ્રતિભાઓ સાથે થયું છે. આ ફિલ્મની સફર અંગે જણાવતા સમીરના દિગ્દર્શક દક્ષિણ છારાએ ફિલ્મની ન્યૂયોર્ક ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલથી લઈને ભારતમાં રિલીઝ સુધીની જાણકારી આપી હતી.આ પ્રસંગે ઉપસ્થિત સીમા બિશ્વાસ અને સુબ્રત દત્તાએ ઓડિયન્સ સાથે પોતાના વિચારો શેર કર્યા હતા.માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા સીએમવીઆરના નિયમ ૫૦માં સંશોધન સાથે વિવિધ રાજયોમાં હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સનુંઅમલીકરણ થશે. એફટીએ એચએસઆરપી સોલ્યુશન્સ પ્રા. લિ.ની સ્થાપના અને તેની કામગીરીનો પ્રારંભ ગુજરાતમાં ૧૬ નવેમ્બર, ૨૦૧૨ના રોજ થયો હતો.

## ગ્લેનઈગલ્સ ગ્લોબલ હોસ્પિટલ્સે ભારતમાં દાન કરેલાં ફેફસાં સાથે સૌથી લાંબા પ્રવાસનો વિક્રમ સ્થાપિત કર્યો

પાર્કવે પેન્ટાઈ એન્ટરપ્રાઈઝ ગ્લેનઈગલ્સ ગ્લોબલ હોસ્પિટલ્સનું સૌથી વિશાળ એકમ ગ્લેનઈગલ્સ ગ્લોબલ હેલ્થ સિટીએ ભારતમાંદાન કરેલાં અવયવો સાથે સૌથી લાંબું અંતર કાપવાનો વધુ એક વિક્રમ કર્યો છે. ગ્લેનઈગલ્સ ગ્લોબલ હેલ્થ સિટીની અવયવ કાઢનારી ટીમ તાત્કાલિકપુણેમાં પહોંચી હતી અને ફેફસાં ચેન્નાઈના તેમના એકમમાં પીડિત માટે અનુકૂળ છે એવું આરંભિક આકલન કર્યું હતું. થોરેસિક અવયવ પ્રત્યારોપણ ટીમ દ્વારા આજે પરોઢિયે (૧૭મી ઓગસ્ટ, ૨૦૧૭) ૧.૩૦ વાગ્યે એક ફેફસું કાઢવામાં આવ્યું હતું અને રસ્તા માર્ગે પ્રવાસ શરૂ કરતાં પુણે એરપોર્ટ પર ટીમપહોંચી હતી. આ ટીમ અવયવો સાથે ફ્લાઈટમાં ઘેરાયેલાં વાદળો વચ્ચે ઉડાણ કરીને સવારે ૪.૩૦ કલાકે ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચી હતી.અહીંથી અવયવ પેરુમબક્કામિનમાં ગ્લેનઈગલ્સ ગ્લોબલ હેલ્થ સિટી ખાતે ૧૫ મિનિટથી ઓછા સમયમાં પહોંચી હતી. ગ્લેનઈગલ્સ ગ્લોબલહોસ્પિટલ્સના થોરેસિક ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના પ્રોગ્રામ ડાયરેક્ટર અને કાર્ડિયાક સર્જરીઝના અધ્યક્ષ ડો. સંદીપ અત્તાવાર અને ટ્રાન્સપ્લાન્ટ સર્જરીઓનીતેમની ટીમે અંતિમ તબક્કાના ફેફસાના રોગથી પીડાતા દરદીમાં દાતાનું ફેફસું સફળતાથી પ્રત્યારોપણ કર્યું હતું.૨૨ વર્ષની મહિલાને ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૭ (બુધવાર)ના રોજ મહારાષ્ટ્રના પુણેમાં માર્ગ અકસ્માત નડ્યો હતો, જેમાં તેને માથામાં ગંભીર ઈજા પહોંચીહતી. તેને પુણે ખાતે કટોકટીના ઉપચાર માટે રૂબી હોલ ક્લિનિકમાં દાખલ કરવામાં આવી હતી. જોકે હોસ્પિટલમાં ડોક્ટરોએ તે જ દિવસે તેને બ્રેન ડેડ જાહેર કરી હતી. આને કારણે અંતિમ તબક્કાના અવયવ નિષ્ફળ ગયેલા અન્ય દરદીઓને બચાવી લેવાનો આ દુર્લભ મોકો હતો. બ્રેન ડેડ મહિલાના પારિવારિક સભ્યોએ આવા અત્યંત દુખદ સંજોગોમાં પણ મૃતકના અવયવો દાન કરવાનો નિર્ણય લીધો હતો, જેથી અન્યને જીવનદાન મળે અને પોતાનીવહાલી દીકરી પણ આ દુનિયામાં અસ્તિત્વમા રહે. બીજી બાજુ એક દરદી ચેન્નાઈની ગ્લેનઈગલ્સ ગ્લોબલ હેલ્થ સિટીમાં ઈન્ટરસ્ટિટાયલ લંગ ડિઝીઝ સાથે દાખલ થઈ હતી. તેને કૃત્રિમ ઓક્સિજનના ટેકા પર રાખવામાં આવી હતી અને પ્રત્યારોપણ માટે દાતાના ફેફસા માટે તકની રાહ જોતી હતી.

## મેકસ ફેશન દ્વારા ગુજરાતમાં વાઉ ફેમિલી કેમ્પેનની બીજી ઈનિંગ્સ સાથે ઓટમ કલેક્શનની રજૂઆત

સુરત

ભારતની અગ્રણી વેલ્યુફેશન બ્રાન્ડ મેક્સ ફેશન દ્વારા આજે તેના વાઉ ફેમિલી કેમ્પેનની બીજી ઈનિંગ્સની રજુઆત સાથે ઓટમ સિઝનની રજુઆત કરી છે. આ કેમ્પેન 'ફરવાની મજા' ના પ્રથમ તબક્કામાં મેક્સનો પ્રયાસ ગુજરાતના તમામ પરિવારોને એક સાથે લાવવાનો છે અને તેમને આગામી ઉત્સવો માટે તૈયાર કરવાનો છે. આ ગુજરાતમાં અમારા શોપર્સ સાથે સંકળાવાનો સમય છે કેમ કે તમામ લોકો પોતાના પરિવારો સાથે રજાઓ માણવાની તૈયારી કરતા હશે. નામ 'ફરવાની મજા' ને સાર્થક કરતું આ અભિયાનનો અર્થ વેકેશનનો આનંદ માણવા જેવો થાય છે અને અમને ગૌરવ છે કે મેક્સનું અદભૂત વોન્ડરલસ્ટ થીમ્ડ ઓટમ કલેક્શન રજુ કરવામાં આવ્યું છે. ઓટમની સિઝન ગુજરાતીઓ માટે મુસાફરીનો સમય છે અને આ ઓટમ કલેક્શન તેમની સુટકેસીસમાં બંધ બેસશે. આ ઓફર્સ ગુજરાતના અમારા વ્હાલા પરિવારો માટે છે અને એમને આશા છે કે તેમના માટે આ ઓટમ યાદગાર બની રહેશે.' 'એ આનંદપૂર્ણ બાબત છે કે કોઈ બ્રાન્ડ ઓડિયન્સ સાથે તેના મૂળભૂત સ્તર સાથે જોડાય છે. મેક્સનું ઓટમ કલેક્શન આ કેમ્પેનના ટોન સાથે બંધ બેસે છે. જેમાં ગ્રાહકોની ખુશીને સૌથી વધુ મહત્વ આપવામાં આવ્યું છે. મેક્સ વાઉ ફેમિલી સ્લોગન કોન્ટેસ્ટમાં ગ્રાહકો સામેલ થઈ શકે છે અને ફુલી પેઈડ ઈન્ટરનેશનલ ટ્રીપ જીતવાની તક મેળવી શકે છે. ૨૪ વિજેતાઓ કે જેમને ક્લબ મહિન્દ્રા રિસોર્ટ ખાતે મફત રોકાણની તક મળશે.

## સ્માટ્રોન tronXTMઅને tronXLifeTM રજુ કર્યા



સ્માટ્રોન ભારતની પ્રથમ વૈશ્વિક ટેકનોલોજી OEM અને IoT બ્રાન્ડ છે, જેણે tronXTM અને tronXLifeTMરજુ કર્યા છે. જે દુનિયામાં અનોખી, ઈન્ટેલિજન્ટ સિસ્ટમ ઘણાં બધાં ડિવાઈસીસ,સેન્સરો અને સિસ્ટમને tronXTM કોર સાથે જોડીને ઉચ્ચ ઈન્ટેલિજન્ટ પ્રદાન કરે છે, જે હંમેશા આરંભમાં અંગત,ધરા,આરોગ્ય અને ઈન્ફ્રા વર્ટિકલ્સમાં ઉત્ક્રાંતિ પામતા અનુભવો અને સેવાઓ આપે છે.સ્માટ્રોન AI +IoT અને tronXTM થી સમૃદ્ધ નવી કનેક્ટેડ ઈકોસિસ્ટમ નિર્મિતી પર બેથી વધુ વર્ષથી કામ કરે છે, જે આ સાહસિક નવા વિશ્વનું હાર્દ છે.અમને આજે tronXTMરજુ કરવામાં બેહદ ખુશી થાય છે,જે અનોખું AI પાવર્ડ IoTમંચ છે અને ડિવાઈસીસ, સેન્સર્સ,વાહનો અને સિસ્ટમ્સમી વ્યાપક શ્રેણીમાં આસાનીથી ચાલે તે રીતે તૈયાર કરાયેલું અનોખું નેક્સ્ટ જન OS છે. આને કારણે અમે ઉચ્ચ ઈન્ટેલિજન્સ અને સ્થાનિકીય અનુભવો,સેવાઓ અને સંભાળનો આધાર આપી શકીએ છીએ.જે IOTની સફળતા માટે મહત્ત્વપૂર્ણ છે. IOT અને AI થી સમૃદ્ધ હાર્ડવેર નાવીન્યતા ટેકનોલોજીમાં ભાવિ નવી લહેર છે અને આ લોન્ચ સાથે અમે મૂળમાં ભારતીય અને દૃષ્ટિબિંદુમાં વૈશ્વિક અમારા ભાગીદારો માટે ઈકોસિસ્ટમનાં દ્વાર ખોલી રહયા છીએ.અમારી પાસે નાવીન્યપૂર્ણ HW અને SW નિવારણો પ્રદાન કરવા માટે ઘણી બધી કંપનીઓ સાથે અમારી ભાગીદારી છે.

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

પપલુ : મમ્મી જલદીથી મને એક ગ્લાસ પાણી આપ. પછી હું તને એક વાત કહું છું.

મમ્મી : અચ્છા પહેલાં પાણી લે..

પપલુ : બતાવું મમ્મી ! મનેછે ને બહુ જોરથી તરસ લાગી હતી.

૦૦૦૦

એક આધેડ ઉંમરની પત્ની ચા પીતાં પીતાં બોલી, માની લો કે હું અત્યારે પણ જુવાન અને ખુબસુરત હોત તો ?

પતિએ વચ્ચે જ વાત કાપતાં કહ્યું : ખોટી કલ્પના કરવાથી શું ફાયદો ? સાચે સાચું બતાવ વનીતા આજે કેટલા રૂપિયાની જરૂર છે ?

૦૦૦૦

ઓફિસેથી થાકીને આવે.લો પતીઉ હજુ તો ઘરમાં પગ મુકયો નથી ત્યાં તારૂં બોલવાનું ચાલુ થઈ જાય છે. કેટલું બોલે છે ? થોડું ઓછું બોલ.. તને એમ ના થાય કે પતિ થાકયો પાકયો ઘેર આવ્યો છે તો તેને થોડી શાંતી લેવા દઈએ.. તેને થોડો રીલેકસ થવા દઈએ..

પત્ની : લે અમારે રીલેકસ ના થવાનું હોય ?

૦૦૦૦૦૦૦૦

પત્ની : જુઓ દિકરી હવે મોટી પરણવા જેવડી થઈ છે. હવે કોઈ ઠેકાણું શોધીએ અને એના લગ્ન કરાવી દઈએ..

પતિ : ઠેકાણા તો ઘણા જોયા પણ યોગ્ય મુરતીયો હજુ મળતો નથી. જે મળે છે તે ગધેડા જેવો બુદ્ધુ હોય છે.

પત્ની : મારા બાપુજી જો તમારી જેમ જ વિચાર્યે રાખતા હોત તો હું કુંવારી જ રહી ગઈ હોત..

૦૦૦૦૦૦



# ને આપણે હા..આપણે હાર્યા

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

વળી પાછા આપણે હાર્યા..આપણા ભડવીર ક્રીકેટરોએ અખબારી પાનાને જરૂરી બીનજરૂરી હેડીંગ પુરાં પાડી દીધાં. કોઈકે વળી લખ્યું ભારતીય ટીમનો અકાળે આપઘાત..કોઈકે લખ્યું હતું..ભારતીય ટીમનો સત્યાનાશ.. ખેર જે હોય તે પણ જ્યારે રંગ માવાનો હતો.. ત્યારે અન્યની ખાસ કરીને ભારતીયોની આંખોમાં રંગ નાખી દ્રશ્ય ધુંધળું કરી નાખ્યું..લોકોને લાગતું હતું.. જીતશે એટલે જીતશે.. પણ એવા હાર્યા કે.. આહ..આહ..હાય..હાય.. થઈ ગઈ.. હાય.. હાય.. આમ આપણા ભડના દીકરા ખરા ટાણે જ.. ખેર એટલે તો આ આપણી ગુજરાતીમાં એક કહેવત છે કે 'ભાટનું ઘોડું ખરા ટાણે જ દોડતું નથી..' આવી કહેવત સામે અમારા ગુજરાતીના પ્રોફેસરે કહેવત ઘડી કાઢી હતી. રામજી રાવણને મારવા ગયા પણ ધનુષ્યની દોરી જ તુટી ગઈ..વિચારો.. ધનુષ્યની દોરી તુટી જવાની હોય.. તુટી ગઈ હોય તો.. રાવણ કયાંથી મરવાનો હતો ?

ગમે તેમ આપણે હાર્યા.. એ નક્કી આમ આપણો દેશ.. અને દેશવાસીઓને આગાહીઓમાં ખુબ રસ છે. છાશવારે જાત જાતની આગાહીઓ થતી રહે છે. તાજેતરમાં વરસાદ આવવાના મામલે આહાહા.. થઈ જાય એવી આગાહીઓ થઈ.. કોઈકે આગાહી કરી હતી. પહેલી જુનથી ચોમાસુ બેસી જશે અરે પહેલી તારીખે જ ચાર ઈંચ વરસાદ ઉતરી આવશે.. એમ એ આગાહી પછી વરસાદે જે ઉતાવળીયું કર્યું છે એથી લોકોના હૈયાં ફફડયાં છે. કયાંક રામધુનો મચાવાની કે તપેલામાં બેસીને હવન કરવાના દિવસો સાવ નજીક આવી રહ્યા છે. એ પ્રમાણે આ કપ જીતવાની આગાહીઓ કરી પણ કપ તો શું ફુટેલી રકાબી ય હાથમાં આવી નથી.. એટલે આગાહી એક વાત છે. સચ્ચાઈ બીજી બાબત છે.. અરે જયોતિષીઓના વર્તારાય ખોટા અને ભારત પાક સામે જીતવા હોટ ફેવરીટ છે એ વાત પણ ખોટી..

અમદાવાદમાં તો વળી ભારતીય ટીમ આ મેચ જીતીને ઈનામ ટ્રોફી લાવે છે. એ માટે એક જોડી અગરબત્તીને સળગાવાનો પ્રોગ્રામ કર્યો હતો. અગરબત્તીની રાખ જ્યાં ત્યાં પડી હશે પણ એક વસ્તુ ચોક્કસ છે આ પ્રકારના કારણો બનાવવાથી વિજેતા બનાતું નથી એમ વિજેતા બનાતું હોત તો કોઈ તલવાર ધારણ ન કરત.

અરે અમદાવાદમાંથી તો એક જણાએ ભારત જો જીતે તો દાબેલી ખવરાવવાની જાહેરાત કરી હતી. દાબેલી મફત મળવાની અપેક્ષામાં કોણે કોણે ઈશ્વર પ્રાર્થના કરી એનો સત્તાવાર કયાંય આંકડો નથી પણ ભારતની હાર થતાં ઘણાની મફતની દાબેલીની અપેક્ષા અધુરી રહી ગઈ હાય હાય બળ્યું ભારત જો જીત્યું હોત તો.. હું તો એની લારીની સામે ઉભી ઉભી તેજ દાબેલી ખાત.. ઘણા સમયથી ખાધી નથી..

તો રઈશો.. હઈશો.. કરીને મેદાનમાં ઉતરી પડેલો દાબેલી વાળો પણ કદાચ હરખાતો હશે.. હાશ આપણે હારી ગયા અને મારો ખર્ચો બચી ગયો.. નહીં તો ન જાણે કેટલો ખર્ચો થાત. ભગવાન જાણે હાર્યા પછીના આ પ્રત્યાઘાતો હોઈ શકે..પણ... સૌથી વધુ હાશ કોને થઈ હશે..હા.. કોને થઈ જશે.. જરા વિચારો..

અમદાવાદની જ પોલીસને.. જો કે એમણે કયાંય કહ્યું નથી કે હાશ.. આપણે હારી ગયા તો માથેથી સો મણનું ટેન્શન ગયું..નહીં તો જીત્યા હોત તો.. અમદાવાદના યુવાનીઓના હાથમાં કયાંકથી ભારતના ઝંડા આવી જાત અને પછી ચિચીયારીઓ પાડતા નીકળત.. આને રાષ્ટ્રપ્રેમ કહેવો કે ગાંડપણ બે નંબરની વાત છે પણ આવા યુવાનોને કાબુ કરવા પોલીસને માથાનો દુઃખાવો રહે છે. ડંડા પછાડવા છતાંય માનતા નથી અને એકાદ ડઝન જો રાજાપાઠમાં આવ્યા તો જયશ્રી કૃષ્ણ પોલીસને બિચારીને ખબર છે એકત્રીસમી ડિસેમ્બરે શું દશા થાય છે ? એ દંડા પછાડવા છતાંય..

ખેર.. પોલીસ રાજી થતી હશે.. જાની અપની તો હાર મેં ભી જીત હૈ.. આમે અમદાવાદમાં મેં આવા પ્રસંગોએ આઝાદીનો રંગ વધારે ચડે છે. આ રંગ ક્ષણિક હોય છે કે કાયમી એનો સરવે કરવા જેવો ખરો..

યાદ રહે..જીંદગીના બધા પાસાઓમાં હાર જીત સમાઈ હોય છે. કયારેક હારને પચાવી શકાતી નથી. કયારેક જીતથી પણ અજીર્ણ થઈ જાય છે. ત્યારે સમજવું જોઈએ જેમ સંસારમાં દિવસ રાતનું એક પલ્લુ છે એમ હારજીતનું છે.. જીતથી ગાંડા ન થઈ જવાય તો હારથી વળી નાસીપાસ થઈ જાય છે કે ઘરના ટીવીનો કચ્ચરઘાણ કાઢી નાખે છે.હાર્યા એ અને બીચારા મોંઘા ટીવીનો શો દોષ ?

પણ એક ઘેલછા છે. એક જમાનામાં એક દુજે કે લીયે ફિલ્મ આવી હતી અને ધબાધબ આત્મહત્યા પર ઘણા વળ્યા હતા. આ પણ એક ઘેલછા હતી. એમને કોઈ સમજાવા ગયું ન હતું કે માનવદેહ મોંઘો છે. આમ વેડફી ના દેવાય.. વેડફી દેવાથી આખરે મળશે શું ? **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# સગીરા, તબેલા અને ક્રાઈમ વિશે..

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અમારા દાદા લગભગ સેન્ચ્યુરી આસપાસ અંતિમધામ પહોંચ્યાં એ સમય પહેલાં તેમણે રાજાશાહી અને બ્રિટીશરોની નોકરી સ્વીકારેલી. દાદા રાજાની ઘોડારમાં સેવા આપતા ઉત્તમ અશ્વપાલ ગણાતા રાજા તેમના કામથી ખુશ હતા. અશ્વપાલ તરીકે લગભગ અઠયાસી અશ્વોની રખેવાળી કરતા.. મુખ્ય સેવક ગણાતા.

દેખ કબીરા.. સમય સંજોગની બલિહાર ગણતાં એ દાદાને એકવાર માદરે વતન ઝાલાવાડ જવાનું થયું. આ સમયનો ચાર્જ તેમણે કે સુબેદાર સુલતાનશાને સોંપેલો.. સુલ્તાનશા દાદા જેટલો મહેનતકશ નહીં અને જવાબદારીની ભાવના વગરનો હતો રાત્રે સુવાના સમયે અશ્વશાળાને એક તરફી તાળું મારવા ગયેલો એક બીજી બાજુનું તાળું મારવાનું શરત ચૂકતથી રહી ગયું અને પાંચેક અશ્વો રાત્રીના સમયે ચોરાઈ ગયા. સવારમાં જોયું તો અશ્વોની સંખ્યા ઘટી ગઈ. પરીણામે સૂબેદાર ઉપર રાજાનું ફરમાન આવ્યું.. ભૈ આ તબેલામાંથી ઘોડા છૂટી ગયા છે એટલે તમને સાત દિવસ તબેલામાં બાંધી રાખવાની સજા થશે."સુબેદાર બિચારો કાલાવાલા કરી કરગરવા લાગ્યો..પણ રાજા વાજાને વાંદરા..એટલે કહેવું શું?

આ વાત યાદ કરતાં અમને પેલા વિકાસ ગૃહની તાજેતરમાં બનેલી ઘટના યાદ આવી. સગીરાઓ છૂટી ગઈ.નાસી ગઈ કે લગાડી દીધી અ બંધ મુઠી જેવી વાત છે. એક સગીરાએ પ્રેસને માહિતી આપતાં કહ્યું, શું કરીએ આ સંસ્થાની ઓફિસવાળા અમારી પાસે શરીર સુખ માણવાની વાત કરે છે." સગીરાના આ શબ્દો માટે શેઈમ..શેઈમ. અમદાવાદ કહી શકાય..

સ્ત્રી સશક્તિકરણની પોલી પોકળતાનો કે અહેવાલો પછી પણ સ્ત્રી બિચારી બાપડી થઈ જીવે છે. ગેંગરેપ અને તે રેપના કાનુન વધ્યા પછી પણ ક્રાઈમ રેશીયો ખુબ વધી ગયો છે. પીડીતાના ગુનેગારોને પણ ૨૦૧૨ ની બાબતે ૨૦૧૭ માં ફાંસી ફરમાવાય એ કેટલું વિલંબિત કાર્ય છે. સાઉદી રાષ્ટ્રોમાં આવું થાય ત્યાં તરત દાન મહાપુણ્ય જેવો કાયદો ખુબ સરળ છે. ભારત સિવાયના તમામ રાષ્ટ્રોમાં રેઈપના બનાવો ખુબ ઓછા બને છે ત્યારે આપણે વિચારવું જોઈએ.

દેખકબીરા.. વિકાસગૃહોના બેઠક થાય કે કાનુની વ્યવસ્થા થાય પણ જ્યાં સંચાલકો, ગૃહમાતાઓ અને સેવકો આવી નિર્દોષ બહેનોના શારીરિક શોષણમાં સામે લગીરી કરે કયાં સુધી વ્યાજબી ગણાય ? આ એક અનૈતિક અને બિનજવાબદાર કૃત્ય માટે આવી સંસ્થાઓ માટે સરકારે તેમજ કોર્ટોએ કડક કાર્યવાહી હાથ ધરવાની જરૂર છે.

દેખ કબીરા.. ક્રાઈમ બ્રાન્ચ દોડતી થઈ જાય કે પોલીસ કાનપટી પકડીને ઉઠબેસી કરે તોય આવા ગુના કાયમ બનવાની શકયતા છે જ. નારી વિષયક સંસ્થાઓ ઉપર કડી નજર તેમજ ફલાઈંગ વિઝીટ સરપ્રાઈઝ ચેકીંગ થવું જરૂરી છે.

દેખ કબીરા.. આ કોલમમાં ન કહેવાનું કહેવાઈ જાય એવી બાબત છે. છતાં સત્ય સામે ચાલીને આવે છે. લગભગ દસેક વરસ પહેલાં મારે એક વનવાસી વિસ્તારમાં જવાનું થયું. રચનાત્મક કાર્યક્રમ સંબંધી મેં ત્યાં રાત્રી જગો કર્યું એ સમયે ત્યાંના ગૃહમાતા બહેને મને આછો પાતળો નિર્દેશ કર્યો.. 'સાહેબ નિંદર ન આવે તો રાત્રે મને મળજો.. બસ આ બાબત ખરેખર એ વાતનું સમર્થન કરે છે. જે આવેગો કદી કયારે કોઈનેય છોડતા નથી.

દેખ કબીરા.. તબેલામાંથી ઘોડા છુટયા પછી તાળાં મારવાનો શો અર્થ ? વિચાર આપ સૌને કોરી ખાશે.

**બી.પાટણવાડીયા**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# જીવના જોખમે તુલદેવે નાના બાળકને બચાવ્યો

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

ભારતના પુર્વોત્તર રાજયોમાં દક્ષિણ-પૂર્વમાં મણિપુર રાજય આવેલું છે. ઉત્તરમાં નાગાલેન્ડ,પશ્ચિમમાં આસામ, દક્ષિણમાં મિઝોરમ અને પુર્વ દિશાએ આ રાજયનાં સીમાડા, આપણા પડોશી દેશ મ્યાનમારને મળે છે. અનેક વિશિષ્ઠતાઓ સાથોસાથ મણિપુર તેના પ્રાકૃતિક સૌંદર્ય માટે વિશ્વભરમાં જાણીતું છે. અહીંનું વાતાવરણ ગમી જાય તેવું અને ૠતુઓ મનોરમ છે.

મણીપુરની રાજધાની ઈમ્ફાલ છે. ઈમ્ફાલનો અર્થ યુમ એટલે કે ઘર અને ફાલ એટલે બનાવવુ અર્થાત અહીં પાણી ઓસરી ગયા પછી ઘર બનેલાં એવી માન્યતા છે. સમુદ્રની સપાટીથી ૭૦૫ મીટર ઉંચાઈએ આવેલ ઈમ્ફાલ નગર ૧૭.૮૦ વર્ષ કીલોમીટરમાં ફેલાયેલું છે.

પશ્ચિમ ઈમ્ફાલમાં આવેલ યાઈસકુલ હીરુહાનબા ભેઈહાઈ (તળાવ)ના નજીકમાં છુટાંછવાયાં ઘર આવેલાં છે. અહીં નવ વર્ષના નાનકડા તુલદેવ દાર્માનું પણ ઘર આવેલું છે. ઘરની આસપાસ વાંસની ખપાટોથી વાડો બનાવેલો છે. તેની નજીકમાં કપડાં ધોવાનો મોટો પથ્થર અને થોડે દુર બાથરૂમ બનાવવામાં આવ્યું છે.

સ્વતંત્રતા દિવસ હોવાથી તુલદેવ સવારે તો શાળાએ ગયો હતો. પ્રભાતફેરી અને પછી ધ્વજવંદનના કાર્યક્રમમાં ભાગ લઈ ઝંડા ઉંચા રહે હમારા વિશ્વ વિજયી ત્રિરંગા પ્યારા ગાતો ગાતો ઘેર આવ્યો. તેણે જોયું તો તેના મમ્મી-પપ્પા ટીવીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીનો કાર્યક્રમ જોતા હતા. તુલદેવ પણ તેમના સાથે ટીવી જોવા બેસી ગયો. જુદાં જુદાં રાજયોમાં ઉજવવામાં આવેલ સ્વતંત્રતા દિવસના સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝલક ટીવીમાં બતાવવામાં આવી રહી હતી. તુલદેવને તે જોવાની ખુબ જ મજા પડી રહી હતી. છતાં થોડી થોડી વારે તે ઉંચો નીચો થતો હતો. તેની મમ્મીએ આ જોયું.. એટલે પુછયું..

તુલદેવ શું વાત છે ? કંઈ તકલીફ છે ?

ના., મમ્મી એ તો જરા..

તો બેટા એમ કુદરતી હાજતને રોકી શકાય નહીં જા બાથરૂમ જઈ આવ..

સારૂં મમ્મી.. કહી તુલદેવ ઉભો થઈ બહાર આવ્યો. વાડામાં બાથરૂમ હતું ત્યાં ગયો. પેશાબ કરતાં કરતાં તેની નજર સામે તળાવ તરફ ગઈ. તેણે જોયું તો ત્રણ વર્ષનો એક છોકરો તળાવને કીનારે કંઈક લેવા નીચો નમ્યો હોય તેવું લાગ્યું. તેણે બુમ પાડી.. એય એય.. શું કરે છે ?'

તુલદેવનો અવાજ સાંભળતાં છોકરાએ ઉંચે જોવાનો પ્રયત્ન કર્યો ત્યાં તેનો પગ લપસ્યો અને તે છ ફુટ ઉંડા તળાવના પાણીમાં પડયો.. તુલદેવે આ જોતાં તે ચડ્ડીના બટન બંધ કરતો કરતો એકદમ દોડયો. તેના ઘરથી તળાવ ત્રીસ ફુટ જેટલું જ દુર હતું.. દોટ મુકી તુલદેવે જઈ તળાવમાં પડતાં છોકરાના શર્ટનો કોલર પકડી પાડયો પણ તળાવમાંથી તેને ખેંચીને બહાર કઈ રીતે કાઢવો તે તુલદેવને સુઝયું નહીં. વળી તેને તરતાં પણ આવડતું ન હતું.. જો છોકરાને ખેંચીને બહાર કાઢવા જતાં તેનો પોતાનો પગ લપસે તો બંને તળાવમાં ડુબી જાય પણ તુલદેવે અગમચેતી વાપરી. નજીકમાં વાંસનો થાંભલો હતો તેને બીજા હાથે પકડી લીધો અને જોરજોરથી બુમો પાડવા લાગ્યો.

બચાવો.. બચાવો.. અમે ડુબી જઈશું ? તેમની બાજુમાં રહેતા પાડોશીઓએ આ અવાજ સાંભળતાં તુલદેવના માતા પિતાને બુમ પાડી. તેઓ પણ ટીવી જોવાનું પડતું મુકી શું બન્યું છે તે જાણવા બહાર આવ્યાં. જોયું તો તુલદેવ એક હાથે નાના છોકરાના શર્ટનો કોલર અને બીજા હાથે વાંસના થાંભલાને પકડી બુમો પાડતો હતો.

બધાં તેની તરફ દોડયાં. ઝટપટ જઈ બંને છોકરાઓને ખેંચીને સહી સલામત બહાર કાઢયા.આ રીતે અસાધારણ સાહસ કરી એક નાનકડા છોકરાનું જીવન બચાવનાર જી.તુલદેવ શર્માના નામની ચર્ચા આસપાસ બધે થવા લાગી. ઈમ્ફાલના અખબારોમાં આ ઘટના પ્રગટ થતાં જેણે જાણ્યું તે તુલદેવના સાહસને બિરદાવવા લાગ્યાં. ૧૫ ઓગષ્ટ ૨૦૧૩ ના દિવસે બનેલ આ બનાવની જાણ રાષ્ટ્રીય બાળ કલ્યાણ પરીષદને થતાં તુલદેવ શર્માનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યું અને ૨૪ જાન્યુઆરી ૨૦૧૫ ના દિવસે તેને વડાપ્રધાનના હસ્તે પુરસ્કાર એનાયત થયો. ત્યારે નાનકડા આ વીર બાળકની સાહસ અને બહાદુરીની ગાથા જાણી સૌ કોઈ ધન્યવાદ આપવા લાગ્યાં.

**નટવર હેડાઉ**

# મણિકર્ણિકા બાદ કંગના નિર્દેશન કરવા તૈયાર છે



પોતાના આક્રમક તેવર અને બેબાક નિવેદનના કારણે જાઁણીતી રહેલી અબિનેત્રી કંગના રાણાવત હાલના દિવસોમાં પોતાની નવી ફિલ્મ સિમરનને લઈને વ્યસ્ત બનેલી છે. કંગના રાણાવત પોતાની ફિલ્મ મણિકર્ણિકાને લઈને પણ આશાવાદી છે. તેનુ કહેવુ છે કે આ ફિલ્મ બાદ તે પોતાની ફિલ્મના નિર્દેશન તરીકેની જવાબદારી અદા કરનાર છે. તેનુ કહેવુ છે કે તે ફિલ્મને લઈને હાલમાં વ્યસ્ત બનેલી છે. ફિલ્મ મણિકર્ણિકાના શુટિંગ અને અન્ય કામગીરીમાં તે વ્યસ્ત છે. કંગના છેલ્લા કેટલાક વર્ષોમાં ફિલ્મની પટકથા લખી રહી છે. પટકથા પર ધ્યાન પણ આપી રહી છે. છેલ્લા કેટલાક દિવસથી તૈયારી કરી લીધા બાદ હવે નિર્દેશનના ક્ષેત્રમાં ભાગ્ય અજમાવનાર છે. મણિકર્ણિકા ફિલ્મને લઈને તે ભારે ખુશ છે. આના માટે તે ખાસ પ્રકારની તાલીમ લઈ ચુકી છે. જેમાં ઘોડેસવારી અને તલવારબાજીનો સમાવેશ થાય છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પર આધારિત આ ફિલ્મ રહેલી છે. સિમરનમાં તે અલગ અંદાજમાં નજરે પડનાર છે. સિમરનમાં તે પોતાની ભૂમિકા મારફતે તમામને પ્રભાવિત કરવા માટે ઈચ્છુક છે. તે તલાક લઈ ચુકેલી મહિલા પ્રપુલ પટેલની ભૂમિકા અદા કરી રહી છે. જે યુવાનો સાથે ફલર્ટ કરે છે. સિમરન ગર્વ સાથે પુરષોને કહે છે કે તેની ટેવ કરેક્ટર ફલો નહી બલ્કે ક આર્ટ છે. સિમરનમાં તેની ભૂમિકા અંગે વાત કરતા તે કહે છે ક આ ફિલ્મમાં તે પોતાની તમામ કુશળતાને રજૂ કરી ચુકી છે. કંગના પોતાની એક્ટિંગ કુશળતાના કારણે જાણીતી રહી છે. તે રાષ્ટ્રીય એવોર્ડ પણ પોતાના નામ પર કરી ચુકી છે

# કેવા ગ્રહ રીષ્ટ (મૃત્યુ) યોગને નષ્ટ કરે ?




જીવન અને મરણ એ સંસારના બેય પૈડા (ટાયર-વીલ) છે જો બેમાંથી એકનું અટકી જવું એટલે ગાડુ ગબડી પડવું એટલે કે સૃષ્ટીનું જે સંકલન છે તેનું રૂકાવટ આવી જવી અને આવું કુદરત કયારેય થવા દેતું નથી. આપણા ૠષી મુનીઓ જડીબુટ્ટી દ્વારા અનેક વર્ષો જીવતા રહેતા પણ આખરે તો તેઓ પણ જવા માટે તૈયારી તો કરતા જ હતા.

કેવા ગ્રહો મૃત્યુયોગને નષ્ટ કરી લાંબી આયુષ્ય આપે છે ?

જે જાતકની જન્મકુંડળીમાં પાપગ્રહની રાશીમાં ચંદ્ર રહ્યો હોય ને તે રાશી યે સ્વામી ચંદ્રને જોતો હોય તો શિષ્ટ યોગમાં જન્મેલ બાળકનું રક્ષણ થાય છે. **દ્રષ્ટાંતકુંડળી:** અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પાંચમા ભાવમાં વૃશ્ચિકનો ચંદ્ર છે તેને સ્વામી અગ્યારમા ભાવમાં રહીને ચંદ્ર ને તેમજ પોતાની રાશીને દેખી રહ્યો છે. આવા યોગમાં બાળકનો જન્મ હોય અને તેને મૃત્યુયોગ બાલ્યાવસ્થામાં થાય તેવો યોગ પણ બનતો હોય તો આવા બાળકની રક્ષણ ચંદ્ર અને મંગળ બંને ગ્રહો કરતા હોય છે. ૧૦૦ વર્ષ સુધી નિરોગી જીવવાનો ઉપાય શાસ્ત્રોમાં છે જે આ મુજબ કહ્યું છે : લીંડી પીપળ, મધ અને ગોળને સરખા ભાગે લઈ એક તોલાના પ્રમાણમાં આ ત્રણે ઔષધી બે હરડેની સાથે જે સવારે ખાય તે નિરોગી રહી ૧૦૦ વર્ષ નિરોગી કાયા વડે જીવે છે આ ઔષધી એક વર્ષ સુધી લેવાની હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# ઉત્તરપ્રદેશમાં ડામાડોળ બનતી કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંદર્ભે જવાબદાર કોણ ?

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

ઉત્તરપ્રદેશમાં દરેક કોમનો વિકાસ થાય અને તેમના પ્રશ્નો હલ થાય તે માટે મુખ્યમંત્રી યોગી દ્વારા જે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેની રાજયમાં ચારેકોર પ્રશંસા થઈ રહી છે. યોગી સીએમ બન્યા બાદ ઉત્તરપ્રદેશના સંવેદનશીલ એવા ગોરખપુરની હમણાં સત્તાવાર મુલાકાત લીધી હતી. તેમણે ત્યાં એક વાતની સ્પષ્ટતા કરી હતી કે તમામ સમાજનો વિકાસ થશે તેમજ તુષ્ટીકરણ કોઈનું નહીં થાય. જાતિ, ધર્મ અને લીંગના આધારે ભેદભાવને સ્થાન નહીં મળે.

દરમ્યાન ઉત્તરપ્રદેશ સરકારે એક મહત્વના પગલામાં કૈલાસ માનસરોવર યાત્રાની સબસીડી ૧૦૦ ટકા વધારી દીધી છે. યાત્રા પર જનારા શ્રદ્ધાળુઓને યોગી સરકાર રૂા.૧ લાખનું ભંડોળ આપશે. અગાઉ આ રકમ માત્ર ૫૦ હજાર હતી. રાજય સરકાર દ્વારા લખનૌ, ગાઝીયાબાદ અથવા નોએડામાં કોઈ એક સ્થળે કૈલાસ સરોવર ભવન બનાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. તેનાથી યાત્રીકોને સરળતા રહેશે તે વાત ચોક્કસ છે.

જોકે અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે ગાઝીયાબાદમાં ભવ્ય હજહાઉસ તૈયાર કરાવ્યું હતું. ભાજપે તેને સતત મુસ્લિમ તુષ્ટીકરણ કહેતું આવ્યું છે. બીજી તરફ રાજયના લઘુમતી બાબતોના મંત્રી મોહસીન રઝાકે અમીર મુસ્લિમોને સબસીડી છોડવા માટે વિનંતી કરી હોવાનું પણ બહાર આવ્યું છે. રાજયમાં છેડતી અપહરણ અને દુષ્કર્મના બનાવો ન બને તે માટે કાયદાની કેટલીક કલમોમાં નવી કલમોનો ઉપયોગ કરવામાં આવે તેવી સંભાવના પણ જણાય છે. વળી રોમીયો સ્કવોર્ડની કાર્યવાહી સામે યોગીએ સ્પષ્ટતા કરી છે કે છેડતીના ભયે સ્કૂલ કે કોલેજમાં જવાનું બંધ કરનારી યુવતીઓ માટે ખાસ તકેદારી રાખવામાં પગલાં ભરવામાં આવશે. વળી યોગીએ તો શાળા કોલેજમાં ભણતી યુવતીઓને ફોન કરી સુરક્ષાની ખાત્રી આપી છે. આ રીતની ખાત્રી અગાઉની કોઈ સરકારે આપી ન હતી.

ઉત્તરપ્રદેશમાં સુરક્ષા તત્વોનું હવે આવી બન્યું સમજો. કેમ કે આવા તત્વો સામે ચોવીસ કલાક તકેદારી રાખવામાં યોગી સરકાર દ્વારા આદેશો અપાઈ ચુકયા છે.યોગીએ પોતાના ટેકેદારોને આકરા શબ્દોમાં ચેતવણી આપી છે કે યુપીમાં દરેક નાગરિકને સુરક્ષાની ખાત્રી આપવાની છે. જોમાં આવીને હોશ ગુમાવવાનો નથી ઉત્સાહમાં એવું ન થાય કે અસામાજીક તત્વોને તક મળી જાય.

બીજી તરફ ઉત્તરપ્રદેશમાં મુઝફફરનગર અને

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**મુઝફ્ફર નગર અને શામલી જિલ્લામાં અગાઉ જે તોફાનો ફાટી નીકળ્યા હતા તેમાં ૬૨ લોકો હોમાયા હતા**

# અજબનો અનોખો ફુવારો "ઓલ્ડ ફેઈથફુલ

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

અજબનો અનોખો ફુવારો "ઓલ્ડ ફેઈથફુલ"

અમેરિકામાં એક કૌતુક સમો ગરમ પાણીનો ફુવારો આવેલો છે.જેનું નામ છે ઓલ્ડ ફેઈથફુલ. આવુ નામ કેવી રીતે પડ્યું ? પરંતુ નામને છોડો ઓલ્ડ ફેઈથફુલ કહેવાતો જગમશહુર ફુવારો સમયનો વફાદાર છે.વળી જે પર્યટકો આ ફુવારો જોવાને માટે આવતા હોય છે તેમને કે પણ વફાદાર છે.અહિંયા વફાદારીનો અર્થ એ થાય કે આ ફુવારો હંમેશા ચોક્કસ સમયે ફુટે છે.સૌએ આશા રાખી હોય તે જ સમયે અને તેમાં સહેજ પણ ફરક પડતો નથી.સૌ પર્યટકો પોતાની ઘડિયાળ પર નજર રાખીને બેઠા હોય છે.અને ચોક્કસ સમય થાય એટલે દૂર નજર માંડો ત્યારે ફુવારો મેઘગર્જના જેવા અવાજ સાથે ફુટ્યો જ સમજવાનો કોઈ મીન મેખ નહી.ફુવારો બહાર ફુટવાને માટે જે સમય નક્કી કર્યો છે તે સમય જાળવવામાં આ ફુવારો ક્યારેક પોતાના ટાઈમ ચુક્યો નથી.

આ ફુવારો અમેરીકાના વ્યોમિંગ રાજ્યામાં આવેલો છે અહી યલોસ્ટોન નેશનલ પાર્ક નામના અભ્યારણ્યમાં તેના જેવા બીજા લગભગ ૨૦૦ ફુવારાઓ આવેલા છે પણ ઓલ્ડ ફેઈથફુલ જેવો એકેય નહિ.બધા ફુવારા મનફાવે ત્યારે જમીનમાંથી ફુટે કેટલાક તો સતત ફુટ્યા જ કરે.માત્ર ઓલ્ડ ફુઈથફુલ તેનું ટાઈમટેબલ જાળવી રાખે છે.

ઈ.સ.૧૮૭૦ માં કેટલાક અમેરીકન સંશોધકો પ્રથમવાર આ પાર્કના ભેંકાર પ્રદેશમાં ગયા ત્યારે ચારે બાજુ ગરમ પાણીના(વરાળ સાથેના)ફુવારા જોતા જ આશ્ચર્યમાં પડી ગયા હતા.સંશોધકોને વધુ રસ ઓલ્ડ ફેઈથફુલમાં પડ્યો.કારણ કે તે ફુવારો ચોક્કસ સમયે આપો આપ બંધ થતો હતો અને એક ચોક્કસ સમયે આપમેળે ફરી ચાલુ થતો હતો.કુદરત પોતે જાણે એનું સંચાલન ન કરતા હોય.જ્યારે સરકારના કાને આ વાત આવતાં જ આ સ્થાનને યલોસ્ટોન નેશનલ પાર્ક તરીકે જાહેર કરી દીધો.

ઓલ્ડ ફેઈથફુલ ખરેખર અજબનો ફુવારો છે.ઘડિયાળમાં બરાબર ૬૫ મિનિટ પુરી થાય એટલે તરત જ એ ગરમા ગરમ પાણી અને ભેગી વરાળ બહાર કાઢવાની શરૂ કરે છે.જાણે કોઈ રાક્ષસી પ્રેશર કુકર સીટી ન વગાડતું હોય તેમ તેનો અવાજ લાગતો હતો.દર સેકન્ડે ફુવારો મોટોને મોટો થતો જાય એની વધુમાં વધુ ઉંચાઈ ૧૭૦ ફુટની થાય છે.એકવાર જો આ દ્રશ્ય જોયુ હોય પછી તેને જીવનભર ભૂલી શકાતું નથી.જોતજોતામાં તે ૩૮,૦૦૦ લીટર જેટલુ પાણી આકાશ તરફ ફેંકી દે છે.પછી દરેક પર્યટકે પોતાની ઘડિયાળ સામે વારંવાર જોવાનું.!ચાર મિનિટ થાય એટલે ખેલ ખતમ.!ફુવારો એકા એક સમી જાય છે અને ત્યાં ભીના ખડકો સિવાય કાંઈજ જોવા મળતું હોતું નથી.

ત્યારબાદ ૬૫ મિનિટનો ઈન્ટરવલ પડે છે.બરાબર એક કલાક અને પાંચ મિનિટ.!

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**દાંતાના નવાવાસ...**

**પાના નં .૩ ચાલુ**

વાહિદભાઈ આગલોડીયા, યુવા અગ્રણી ખુશાલભાઈ પરમાર, હીરાબાઈ સેનમા, આંગણવાડી કાર્યકર કાન્તાબેન સરગરા, દિપીકાબેન મોદી, નીતાબેન સુથાર તથા આશા કાર્યકર સમશુબેન માણસીયા, અરૂણાબેન પરમાર તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી.

**વડાવળ પ્રાથમિક...**

**પાના નં .૩ ચાલુ**

વાઘપુરા તથા હાઈવે ક્રોસીંગ શાળાના આચાર્ય ભરતભાઈ અને પરીખભાઈ સહિત તમામ શાળાના શિક્ષકગણ ઉપસ્થિત રહી વિદ્યાર્થી રમતવીરોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. ત્યારે ગામના સ્થાનિક આગેવાનો સવજી વાઘેલા (તાલુકા સદસ્ય),મેરાજભાઈ દેસાઈ તથા નરસિંહભાઈ દેસાઈ સહિત ગ્રામ પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ પરમાર(લોરવાડા પ્રા.શાળા) એ કર્યું હતું.

**પૂરમાં પ્રજાની...**

**પાના નં .૩ ચાલુ**

ત્યાર પછી આ નીચાણવાળા વિસ્તારમાં વસવાટ કરતા પરિવારો કે જેમને ભવિષ્યમાં પણ ઘર છોડવાનો વારો ના આવે એટલા માટે તેમના નીચાણવાળા વિસ્તારના મકાનો શ્રી સરકાર હસ્તક લઈને ઉંચાણવાળા વિસ્તારમાં મકાન બનાવી આપવા માટે વહીવટી તંત્રના અધિકારીઓને રજુઆત કરી ત્યારબાદ ગુજરાત સરકારને ત્રણ રજુઆત કરી તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે જસરા ગામને બે એકર જમીન ફાળવી કોલોની બનાવી આપવાની બાંહેધરી આપી હતી. પરંતુ સંજોગો બદલાયા અને મુખ્યમંત્રી પદેથી તેમણે રાજીનામું આપતા નવા મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણી આવતાં ફરીથી તેમને જે બે એકર જમીન ફાળવવામાં આવી. તેમાં તમામ પૂર અસરગ્રસ્તોને નિયમ મુજબ ફાળવણી કરી દેવામાં આવી છે. હવે તેમાં સરકાર મકાન બનાવી આપે તેવી રજુઆત કરી વારંવાર કરી પરંતુ પ્રચંડ લોક ચાહના ધરાવતા મહેશભાઈ દવેને જશ ન મળે એટલા માટે રાજકીય દ્વેષથી કાન ભંભેરણી કરવામાં આવી. જેના પરિણામે આ પૂર અસરગ્રસ્તોને સરકારે મકાન બનાવી ના આપ્યા અને તેમ છતાં હાર્યા કે થાક્યા વિના જનતાના આશીર્વાદને માથે લઈ સત્યનો વિજય થશે તેવી આશા સાથે એકવાર બધા જ પૂર અસરગ્રસ્તોને લઈને ગાંધીનગર પણ ગયા તેમ છતાં કોઈ જ પરિણામ ન આવ્યું. ત્યારે ગરીબો માટે તેમણે સરકારને પત્ર લખી પોતાના લોહીથી સહી કરી આ મકાન બનાવવા આજીજી કરી પરંતુ કઠોર હૃદય અપનાવી સરકારે ગરીબોના પ્રતિનિધિની વાત ન સાંભળી ત્યારે વિદ્યાર્થી કાળથી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા ધરાવતા અને વિવિધ જવાબદારીઓ નિભાવતા મહેશભાઈ દવે કે જે ભાજપમાં હોવા છતાં ભાજપ ગરીબોની નથી અને વિચારધારાથી ભટકેલ છે એવું જાહેરમાં બોલ્યા.

પુનઃ કુદરતે આકાશી કહેર ૨૦૧૭ માં વર્ષાવ્યો. ૨૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ જોરદાર વરસાદ પડ્યો અને રાજસ્થાનમાં પણ વરસાદ પડતાં નદી, નાળા અને ડેમ તુટતાં જિલ્લાવાસીઓ પૂરથી પ્રભાવિત થયા ત્યારે આ વખતે જુના અનુભવોનો લાભ લઈને ઘર વિહોણા નીચાણવાળા વિસ્તારમાં વસવાટ કરતાં ઝુંપડપટ્ટીમાં વસવાટ કરતા તમામ લોકોને અગમ ચેતીના ભાગરૂપે પ્રાથમિક શાળામાં સ્થળાંતર કરીને લાવ્યા અને રસોડુ ચાલુ મુકી દીધું. ત્યારબાદ પુનઃ પોતાની જવાબદારીઓ નિભાવવા સેવાભાવી લોકો અને સંસ્થાઓ પાસે મદદ માંગી લોકોને મદદરૂપ બનવા અપીલ કરી અને પશુઓ માટે પણ ઘાસચારાની વ્યવસ્થા કરી. જેમાં રિલાયન્સ ફાઉન્ડેશને ખુબ જ મદદ કરી ત્યારબાદ વહીવટીતંત્રની સાથે રહીને પશુમૃત્યુ સહાય માટેના સર્વે અને ડૉક્ટરો પાસે હાજર રહીને તમામ મૃત બનેલ પશુઓના પી.એમ. કરાવ્યા. જેનું મુખ્ય કારણ કોઈ અજાણી ગરીબ વ્યક્તિ બાકી રહી ના જાય અને એ જ સાચા લોક સેવકની ફરજ બને છે. ત્યારબાદ વહીવટીતંત્ર સાથે રહી ખેતીના નુકશાનનું પણ સર્વે કરાવ્યું અને તમામ લોકોને કેશડોલ્સ અને ઘરવખરીની પુરેપુરી સહાય સરકારી ધારાધોરણ મુજબ આપવામાં આવી. કોઈ ગરીબ અને જરૂરિયાતમંદ વ્યક્તિ બિમાર ના પડે એટલા માટે તેમણે જસરા ગામ સહિત આજુબાજુના ગામોમાં જ મેડીકલ કેમ્પ કરી હજારો લોકોને આરોગ્યની સેવાઓ પુરી પાડી હતી. ગામમાં સ્વાઈન ફ્લૂના રોગથી બચવા ગરમ ઉકાળાનું વિતરણ કરાવ્યું. લોકોને મદદરૂપ બનવા તત્પર રહેતાં મહેશભાઈ દવેની કામગીરીથી જસરા એક જ નહીં પણ સમગ્ર વિસ્તારને લાભ મળતો હોવાથી સમગ્ર વિસ્તારમાં અત્યારે લોકસેવક કેવો હોવો જોઈએ તો તેનો જવાબ મહેશભાઈ દવે એવો મળી રહ્યો છે.

આમ લોક પ્રતિનિધિઓની સાચી કસોટી પ્રજા ઉપર આવી પડેલ કુદરતી આફતોના સમયે જ થતી હોય છે. કારણ કે આવા સમયે કોઈ જ સંપર્ક નથી હોતો અને રસ્તાઓ પણ બંધ હોય છે. ત્યારે મધ્યમ અને ગરીબ લોકોને કંઈ જ સમજાતું નથી હોતું કે હવે ક્યાં જવું અને શું કરવું? ત્યારે સાચા નાયકોની ખબર પડે કે કેડ સમા પાણીમાં જઈને પણ લોકોને બચાવે પોતાના ખર્ચે લોકો માટે રસોડું ખોલે અને પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી થાય એ જ સાચા નાયક છે. બાકી તો બધુ બરાબર થયા પછી ફોટા પડાવવા આવતા નાયકોને જનતા ઓળખી ચુકી છે. કારણ કે કુદરતી આફતમાં જ પ્રજાના પ્રતિનિધિની ઓળખ થાય છે. અને ત્યારે આ બાબતે ૨૦૧૫ અને ૨૦૧૭ ના પૂરમાં ફોટા પડાવવાના શોખીન અને હોદ્દાઓની લાંબી લાઈનો લગાડીને રોફ જમાવતા નેતાઓને પ્રજા ઓળખી જતાં આવા લોકો પણ પૂરના પાણીની માફક ઓસરી જશે અને સાચા લોકસેવકો આગેવાન બની લોકોની સેવા કરવા તત્પર રહેશે. ત્યારે જનતાના દરબારમાં સાચા લોક સેવકો જ જાય છે. બાકીનાને તો પ્રજા આપોઆપ પકડાવી દેશે.

**થરાદમાં ઓછાં ...**

**પાના નં .૮ ચાલુ**

જેટલી આવક પણ નહી થતી હોઈ તેમને ખખડાવ્યા હતા. અને માર્ચ સુધીમાં લેન્ડલાઈન ૫૦૦ અને બ્રોડબેન્ડના ૨૫૦ જોડાણો કરવાનો ટાર્ગેટ પણ આપ્યો હતો.સીજીએમ પણ પાણીમાંથી પસાર થઈને એક્સચેંજની તથા આજુબાજુના તળાવની પરિસ્થિતીનો ફોટોગ્રાફી સાથે નોધ કરી ભરાતા પાણી અને સર્જાતી મુશ્કેલીઓ અંગે ચર્ચા વિચારણા કરી બારે મહીના ભરાયેલા રહેતા એક્સચેંજને આ જગ્યાએ બનાવવાનો જ અફસોસ વ્યક્ત કરવાની સાથે ભવિષ્યમાં મુશ્કેલીઓ ન પડે તે માટે એક્સચેંજના બેટરી પાવરપ્લાન્ટ ઉપરના માળે સીફ્ટ કરવાની પણ નોંધ કરી હતી.સાથે સાથે તેમણે શહેરના ઈન્ટરનેટ ધારકોને મળતી સ્પીડ પણ ચેક કરી હતી.

**ડીસામાં...**

**પાના નં .૮ ચાલુ**

ભૂસ્તર વિભાગને અનેક રજૂઆત કરી હતી.

પરંતુ તેમના દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં ગ્રામજનોએ ડીસા તાલુકા પોલીસને જાણ કરતાં પી.આઈ. ડી.ડી. ગોહિલે શનિવારે આખોલથી ઓવરલોડ રેતી ભરીને જતી ટ્રકો પર તવાઈ બોલાવતાં ૧૦ રેતી ભરેલા ડમ્પરો પકડી પાડ્યા હતા.

પોલીસે ડમ્પરો પકડીને મામલતદારને સોપતા ડીસાના સર્કલ ઓફિસર ડી.કે.પટેલ સ્થળ પર પહોંચી તમામ ડમ્પર મામલતદાર કચેરી લાવી દંડકીય કાર્યવાહી હાથ ધરી હતી.

**થરાદ શહેરમાં ...**

**પાના નં .૮ ચાલુ**

અને પંથકમાં અપવાદરૂપ ગામોમાં પાણી કે સ્થળાંતર ન કરાયું હોય તેવા વિસ્તારોમાં પણ કેશડોલ્સ ચુકવવામાં આવતાં અને સાચા અસરગ્રસ્તો રહી જવાના કારણે ભારે અસંતોષ અને રોષની લાગણી ઉઠવા પામીછે.

**બનાસકાંઠામાં ...**

**પાના નં .૮ ચાલુ**

જે પાણીમાં ઓગળતી નથી. તેથી સરકારે તેના ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે. થોડા દિવસો અગાઉ દશામાની મૂર્તિઓ નદી કે તળાવોમાં તૂટેલી- ફૂટેલી હાલતમાં મળી આવી હતી. જેથી ધાર્મિક લાગણી ઘવાય છે. તેમ છતાં લોક જાગૃતિ કેળવાતી નથી તે દુઃખદ છે. ત્યારે ગણપતિની માટીની મૂર્તિઓની સ્થાપના થાય તો ધર્મ સાથે પર્યાવરણ પણ જળવાઈ રહે તેમ છે.

# સરકારે લઘુમતીઓનુ સંપૂર્ણ માન સાથે સશકિતકરણ કયુ

અમદાવાદ

કેન્દ્રની એનડીએ સરકારે લઘુમતીઓનું માન અને ગરિમા સાથે સશકિતકરણ કર્યું છે. તુષ્ટિકરણ સિવાય કેવી રીતે લઘુમતીઓનું સશકિતકરણ, સર્વગ્રાહી વિકાસ અને છેવાડાના માનવી સુધી વિકાસના લાભો પહોંચાડવા એ જ કેન્દ્ર સરકારનો એજન્ડા છે. વડાપ્રધાન મોદી એક સૂફી તરીકે કાર્ય કરી રહ્યો છે અને તુષ્ટીકરણ વગર પણ કેવી રીતે પ્રજા કાર્યો થઇ શકે તેનું તેમણે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે એમ અત્રે લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ આજે જણાવ્યું હતું. ગાંધીનગર ખાતે ગુજરાત લઘુમતી નાણાં અને વિકાસ નિગમ દ્વારા આયોજિત ચેક વિતરણ સમારોહમાં કેન્દ્રીય મંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

# રાણપુર આ.વાસ પ્રાથમિક શાળામાં રમતોત્સવ યોજાયો

ડીસા

ડીસા તાલુકાના રાણપુર આ.વાસમાં કલસ્ટર કક્ષાનો રમતોત્સવ તા. ૧૮/૦૮/૧૭ ના રોજ યોજાઈ ગયો. જેમાં તમામ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. ખો- ખોમાં આથમણાવાસ પ્રા.શાળાની ટીમ તેમજ કબડ્ડીમાં વચલાવાસ પ્રા.શાળાની ટીમ વિજેતા થઈ હતી. વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં સી.આર.સી. કૉ.ઓર્ડિનેટર હર્ષદકુમાર ત્રિવેદી તેમજ ગામના સરપંચ, અગ્રણીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જન્માષ્ટમીની ઈકો ફ્રેન્ડલી ઉજવણી

અમીરગઢ

આદિજાતિ કન્યા આશ્રમશાળા-રામપુરા(વડલા)દ્વારા જન્માષ્ટમીની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવી.ઈકો ફ્રેન્ડલી ઉજવણી કરવાના નવા વિચારમાંથી પ્રેરણા લઈ આશ્રમશાળાની બાળાઓએ માટીમાંથી કનૈયો બનાવ્યો. કનૈયાના જન્મદિન નિમિત્તે રાસ ગરબા ગાઈ, કાનુડાને બાલારામ નદીના વહોળામાં પધરાવવામાં આવ્યો.સંચાલકોના કહેવા મુજબ આગામી ગણેશ ચતુર્થી નિમિત્તે પણ આમ માટીમાંથી ગણેશજી બનાવી આસપાસના ગ્રામજનોમાં તહેવારોમાં બનાવવામાં આવતી મૂર્તિઓ ઈકો ફ્રેન્ડલી બનાવવાનો સંદેશ બાળાઓના આ પ્રયાસથી ફેલાવવાની નેમ છે.રક્ષાબંધન નિમિત્તે પણ આશ્રમશાળાઓની બાળાઓએ જાતે રાખડી બનાવીને, એકબીજાને આ રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

# ડીસા એકેડમી અને સાંઈબાબા સ્પોર્ટસ કલબનું ગૌરવ

## ઈન્ટરનેશનલ ક્રિકેટ કોચિંગ પરિક્ષા(લેવલ-૧) પાસ કરી

ડીસા

ડીસાના અને સાંઈબાબા સ્પોર્ટસ કલબ અને ધી.ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એકેડમી ક્રિકેટ કોચ તરીકે ફરજ બજાવતા શૈલેષ મકવાણા(ગાંગુલી)એ હિમાચલ પ્રદેશ ખાતે ઈન્ટરનેશનલ ક્રિકેટ એકેડમીમાં દેહરાદુન ખાતે લેવલ-૧ ની પરીક્ષામાં ઉતિર્ણ થયા.તેઓએ દેહરાદુન ખાતે પંદર દિવસ સુધી ક્રિકેટની તાલીમ વિશેની પરિક્ષા પાસ કરી અને ઉત્તર ગુજરાત પ્રથમ ઈન્ટરનેશનલ લેવલ-૧ તરીકે પરિક્ષા પાસ કરી ડીસા એકેડમી અને સાંઈબાબા સ્પોર્ટસ કલબનું ગૌરવ વધાર્યું છે.



ડીસા એકેડમીના મુખ્ય ક્રિકેટ કોચ વિપુલ આલ અને સાંઈબાબા સ્પોર્ટસ કલબના મંત્રી રણજીતભાઈ ધૈરાવના પ્રયત્નોથી શૈલેષ મકવાણા(ગાંગુલી) એ લેવલ-૧ ની પરિક્ષા પાસ કરી.શૈલેષભાઈ મકવાણા ભારત સરકારના રમત-ગમત વિભાગના એન.આઈ.એસ. ક્રિકેટ કોચ તરીકે પણ પરિક્ષા પાસ કરી ચુક્યા છે.તેઓ હાલમાં ડીસા એકેડમી સાંઈબાબા સ્પોર્ટસ કલબમાં ક્રિકેટ કોચ તરીકે ફરજ બજાવે છે તેમજ તેઓની આ ઉમદા સિધ્ધી બદલ તેઓને ડીસામાં સ્કાય ઈન્ટરનેશનલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં પણ વ્યાયામ શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

ઉત્તર ગુજરાતમાં એકમાત્ર શૈલેષ મકવાણા(ગાંગુલી) ક્રિકેટ કોચ તરીકે પરિક્ષા પાસ કરી છે.તેમજ ટુંક સમયમાં ઈંગ્લેન્ડ ખાતે પણ વધારે ક્રિકેટ કોચીંગ માટે જી.ફોર્સ તરફથી મોકલવામાં આવશે.શૈલેષ મકવાણાની આ સિધ્ધીમાં વિપુલ આલનો મુખ્ય ફાળો રહેલો છે.આ સિધ્ધી હાસલ કરવા બદલ સંસ્થાના હોદ્દેદારોએ ગાંગુલીને બિરદાવ્યો હતો.


રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**હેપ્પી બર્થ-ડે માનસી (મનુ)**



પિતા : નરસિંહભાઈ દેસાઈ
માતાઃ મેનાબેન એન.દેસાઈ
દાદા : વાહજીભાઈ એચ.દેસાઈ
દાદી : લાસુબેન વી.દેસાઈ
કાકા : નાગજીભાઈ વી.દેસાઈ
કાકી :વરજુભાઈ એન.દેસાઈ
ભાઈ :જયકુમાર, નવઘણભાઈ
બેન :અલ્પિતા, આશા, મિત્તલ
જન્મ તારીખ : ૨૦-૦૮-૨૦૦૯
ઉ.વ.૮
સરનામું :મુ.વડાવળ તા.ડીસા જી.બ.કાં.
મો.૯૪૨૯૪૯૮૦૦૫

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ...............ઉ.વ.
પરિચયઃ ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ..........................................


## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

શામલી ખાતે ૨૦૧૩ માં થયેલા તોફાનો દરમ્યાન નિર્દોષ લોકો વિરૂદ્ધ થયેલા તમામ કેસો તપાસ બાદ પાછા ખેંચવામાં યોગી સરકારે જણાવ્યું હોવાથી નિર્દોષ લોકોને રાહત થઈ છે.

રાજયમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિની સુધારવા માટે વ્યુહાત્મક આયોજન યોગી સરકારે વિચાર્યું છે. કેમ કે ૨૦૧૩ માં મુઝફ્ફરનગર અને પડોશી જિલ્લા શામલીમાં જે તોફાનો ફાટી નીકળ્યા હતા તેમાં ૬૨ લોકોનામોત થયા હતા તેમજ આગચંપીના બનાવોથી ૫૦ હજારથી વધુ લોકો બેઘર બન્યા હતા. આવા લોકો માટે આવાસયોજનના ઝડપથીહાથ ધરવા પણ રાજય સરકારે વિચાર્યું છે. જે એક દિશાસુચક પગલું કહી શકાય. રાજધાની દિલ્હીમાં દર ત્રણ મીનીટે એક બળાત્કાર થાય છે તેવી જ રીતે હવે ઉત્તરપ્રદેશમાં બળાત્કારના કિસ્સા વધી જવા પામ્યા છે. ગત અઠવાડીયે લખનૌ નજીકના ગ્રામ્ય વિસ્તારમાં ઘરમાં સુતેલી વીસ વર્ષીય સગીરાને રાત્રે આવેલા ચારઈસમો જબરજસ્તીથી ઉઠાવી ગયા હતા. આ બાબતનો વિરોધ કરનાર સગીરાના માતા પિતાને મારીને બાથરૂમમાં પુરી અપહરણકારો જતા રહ્યા હતા. સવારે પાડોશીઓને આ ઘટનાની જાણ થતાં સગીરાના માતા પિતાને બાથરૂમમાંથી બેહોશી હાલતમાં મળી આવ્યા બાદ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બાદમાં આ બાબતે ફરીયાદ કરવા ગયેલા પિતાને પોલીસે માર મારીને જેલમાં પુરી દીધા હતા ત્યારે આપણે વિચારીએ કે કાયદો પોતાની રીતેકામ કરશે પરંતુ ઉત્તરપ્રદેશમાં ગમે તેવી તકેદારી રાખવામાં આવે છતાં ગુન્હાખોરી અટકી શકશે નહીં. તે વાત ચોક્કસ છે. આ અંગે યોગી સરકારે વર્ષોથી એક જ પોલીસ મથકમાં અડ્ડો જમાવીને બેઠેલા પોલીસ અધિકારીઓની ત્વરીત બદલીઓ કરવી જોઈએ.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

એમ તો દક્ષિણના અમ્મા જયલલીતાનો મોત જાણે અનેકે મરવાનો પ્રયાસ કર્યો હતો. આને શું કહેવું એ અલગ વાત છે પણ ગાંધીજીની જબ્બર લોકચાહના અને એમને જ્યારે ગોળી મારવામાં આવી ત્યારે કોઈએ પગલું ભર્યું ન હતું. જોકે એ વખતે ખોટી ઘેલછાનું વલણ અને ચલણ શરૂ થયું ન હતું.

જીંદગી છે હારજીત થતી રહે છે. પરીક્ષામાં બેસો અને પાસ થાય તો તમારી જીત છે. અને નપાસ થાય તો તમારી પણ લખી હાર છે. જીતવા માટે આકરાં સંઘર્ષ કરવો પડે છે. ભારતીય ક્રિકેટમાં એક સમયે તું જા હું આવુ છું ની નીતિ ચાલતી હતી. ગાવસ્કરે કે શ્રીકાંત આઉટ થયા કે ટીમનું જયશ્રીકૃષ્ણ થઈ જતું.. એવી દશા આ વખતે જોવા મળી. જાણે પ્રશ્ન થયો કયાં ગઈ ખમીરની ? સ્ફોટક શક્તિ.. ક્ષમતા.. નવાઈની વાત તો એ બની કે જીગરથી જાણે રમવાનો જુસ્સો વાટ વચ્ચે ખોવાઈ જ ગયો.. ભુલી ગયા..

આપણે હાર્યા પછી પોતાની જાતને આયનામાં જોવાને બદલે દોષનો ટોપલો બીજાને માથે ઢોળવાનું ચાલુ.. આમે આપણને બીજાને માથે માછલાં ધોવાની ઝાઝી ફાવટ આવી ગઈ છે. એક હિંદી ઉક્તિ અનુસાર અચ્છા કિયા તો મૈને કિયા.. બુરા કિયા તો ઉસ ગધેને કીયા.. ટીમમાં અત્યારે કદાચ આ પ્રકારનું ચાલતું હશે હું તો સારૂં રમ્યો પણ પેલાએ નો બોલ નાખ્યો,કેચ છોડયો જાણી જોઈને બીજાને રનઆઉટ કરાવ્યો.

બીજા પર આરોપ ફીટ કરવાની એક માનસિકતા આપણામાંથી જતી નથી. કે આને આમ કર્યું અને તેણે આમ કર્યું ? જો એમ કર્યું ન હોત તો આપણે જીતેલા હતા. વધુ પડતો આત્મવિશ્વાસ પણ હારનું કારણ બને છે. અમે તો રમવામાં સજ્જડ છીએ. અને અમારો બેટીંગ પાવર વિશ્વની કોઈ પણ ટીમ કરતાં એકદમ અફલાતુન છે. આખરે આપણા આ ભડવીરોનું અફલા આમ રહ્યું અને તુન પેલી બાજુ તણાઈ ગયું. વધુ પડતો આત્મવિશ્વાસ માણસને ડુબાડે છે અને નક્કી અને પારકાને ઓછો આંકવો એ પણ હારનું કારણ બને છે.

આ રહ્યાં અન્ય હેડીંગો..ભારતીય ક્રિકેટ ટીમ રમતના મહાસાગરમાં ડુબી.. પારકાને તણખલું સમજનાર હાથી હડસેલાઈ ગયો.. જરા ઉંચુ જુવો.. અને..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

આ સમય વીત્યો નથી કે ઓલ્ડ ફુઈથફુલ પાછો ફુટયો નથી. ફરીવાર તે ચાર મિનિટ સુધી પાણી ફેંકે છે અને ત્યારબાદ પાછો શાંત પડે છે.ટુંકમાં દર વરસે તે ૭૬૧૭ વખત પોતાનો ખેલ પર્યટકોને દેખાડે છે.જેનો મતલબ એ થયો કે છેલ્લા ૧૨૪ વર્ષમાં તેણે લગભગ ૯,૪૪,૫૦૦ વખત ફુવારો ફુટ્યો હશે અને ટાઈમ પાછો ૬૫ મિનિટનો તો ફીક્સ જ !

પરંતુ આ થવાનું કારણ શું ? સંશોધકોના મતે એ ફુવારાની નીચે ખડકોમાં ફાટ પડેલી છે જેમાં પાતાળના ઝરાના પાણી ઘુસે છે.ખડકોની ગરમીના કારણે કેટલુંક પાણી વરાળમાં ફેરવાય છે.વરાળ હંમેશા પાણી કરતા વધુ જગ્યા રોકે એટલે તે દબાણ કરે છે.બરાબર ૬૫ મી મિનિટે દબાણ એટલું બધુ વધી જાય છે કે સાંકડી ફાટમાં એ વરાળ સમાતી નથી.ઉંચે ચડીને બહાર આવવાનો પ્રયત્ન કરે છે અંતે તે બહાર નીકળે પણ છે.અને તેય પાણીના ફુવારાની સાથે..!ચાર મિનિટ પાણી બહાર ફેંકાયા બાદ તે ફાટ ખાલી થઈ જાય છે.પછી તે ભુગર્ભમાં ઝરાનું બીજું પાણી ઘુસે છે અને પાછી પાંસઠ મિનિટની એજ પ્રક્રિયા-પાણી ગરમ થાય છે અને વરાળ બનતા તે પાણી ઉપર દબાણ કરે છે.અને પાંસઠમી મિનિટે વધુ એક ફુવારો જમીનમાંથી નીકળીને આકાશ તરફ ચાર મિનિટ માટે ફેંકે છે.

બોલો છે ને અજબ-અનોખો ટાઈમસરનો ફુવારો- ઓલ્ડ ફેઈથફુલ !

**કમલેશ કંસારા**

# સંજયદત્તની ભૂમિ ફિલ્મમાં સની હોટ અવતારમાં રહેશે

ઈમરાન હાશ્મીની આગામી ફિલ્મ બાદશાહો માટે પિયા મોરેમાં તાપમાન વધારી દેનાર હોટ સ્ટાર સની લિયોન હવે ફરી એકવાર આઈટમ સોંગ કરી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અભિનેતા સંજય દત્તની ફિલ્મ ભૂમિમાં તે જોરદાર આઈટમ સોંગ કરી રહી છે. સની લિયોન સોંગને લઇને આશાવાદી છે. ફિલ્મના નિર્દેશક ઓમંગ કુમારે કહ્યુ છે કે સની લિયોન પર કરવામા આવેલા ગીત ટ્રિપી ટ્રિપીથી પરદો ઉઠાવી દેવામાં આવ્યો છે. ઓમંગ કુમારે પોતાના ટ્વિટર હેન્ડલ પર આ અંગેની માહિતી આપી છે. તેમના દ્વારા ફોટો પણ જારી કરવામાં આવ્યા છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં ઓમંગ કુમારે કહ્યુ છે કે આ ગીતમાં સની લિયોન ખુબ આત્મવિશ્વાસમાં દેખાઇ રહી છે. ટ્રિપી ટ્રિપી ગીતને સચિન અને જિગરની જોડી રજૂ કરનાર છે. આ ગીત પ્રિયા સરૈયાએ લખ્યુ છે. સોંગને જાણીતા કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય દ્વારા કોરિયોગ્રાફ કરીને તેની ખુબસુરતી વધારી છે. ભૂમિ ટ્રેલર લોચ કરવામાં આવ્યા બાદ તેની ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ફિલ્મમાં સંજય દત્ત એક એવા પિતાની ભૂમિકા અદા કરી રહ્યો છે તે પોતાની પુત્રી માટે લડતો નજરે પડે છે. આ ફિલ્મ હોલિવુડની સુપરહિટ ફિલ્મ ટેકનથી પ્રેરિત છે. જેમાં પિતા એક અપહરણ કરવામાં આવેલી પુત્રીને બચાવી લેવા માટે જંગ ખેલે છે. આ ફિલ્મ યુવા પેઢીને ગમી જાય તેવી શક્યતા છે.

સની લિયોન એક પછી એક ફિલ્મ હાલમાં શાનદારરીતે કરી રહી છે. તેની આઈટમ સોંગમાં સૌથી વધારે માંગ દેખાઈ રહી છે. સની પાસે બાદશાહોનુ ગીત પણ છે. જેમાં તે ઈમરાન હાશ્મી સાથે છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૫૦૦** | |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૫૦૦ |
| સોનુ તોલો | ૨૯૩૦૦-૨૯૭૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૨૦** |
| પામોલીન | ૮૮૫-૯૨૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૫૦૦-૧૫૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૬૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |

| | |
|---|---|
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |

| | |
|---|---|
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |

| | |
|---|---|
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૫૮૦-૬૦૦ |
| લસણ | ૭૦૦-૮૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૧૨૦૦-૧૪૪૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૮૦૦૦-૧૦૦૦ |
| રીંગણ | ૬૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૧૦૦-૧૪૦૦ |
| ભીંડા | ૫૦૦-૭૦૦ |
| કોબી | ૨૮૦-૪૬૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦-૮૦૦ |
| **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| બાદશાહ બટાકા | ૨૦૦-૨૨૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૨૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |